# ફુલની પાંખડીથી હીરાનું જીગર કપાઇ શકે છે

સામે બહુ જ મોટુ લીલુછમ ઘટાટોપ વૃક્ષ છે. લીલા અને નાના નાના પાંદડાઓથી ડાળીઓ ભરેલી છે. જ્યારે હવાના જોકા આવે છે તો લટકેલી શાખાઓ જુમી ઉઠે છે. મેનો મહીનો હતો, સૂર્યના કિરણો ભર બપોરે ગરમી વરસાવી રહ્યા છે, ચારે તરફ બપોરનું આક્રમક વાતાવરણ હતું. ત્યાં અમૂક જાનવરો અને ઇન્સાનો તેના છાયામાં ઠંડક માટે આવી જતા. એવા ઘણા બધા વૃક્ષો છે જે સડકના કિનારે ચાલ્યા ગયા છે. તે વૃક્ષ પર લાલ અને સફેદ ફુલની માળા જેવું વૃક્ષની વચ્ચે વર્તુળ બનાવીને એટલા બધા અસંખ્ય ખીલેલા હતા કે બસ જોતા જ રહી જઇએ. ઇન્સાની ફિક્ર જ્યારે અલ્લાહની કુદરતની તરફ અકલની લહેરથી આ તરફ આવી જાય છે તો તાજ્જુબ અને આશ્ચર્યમાં એટલા માટે ડુબકી લગાવે છે કે ક્યાં આવી તીવ્ર ગરમીની મૌસમ બપોરથી લઇને સાંજ સુધી આગ વરસાવતી રહે છે અને ક્યાં આ નરમ અને નાજુક પાંખડીઓવાળા ફુલ કેવી રીતે બાળતી અને ધગધગતી કિરણોને હસી હસીને ગળે મળી રહ્યા છે. આદમી અને જાનવર આ ગરમી અને તડકામાં થોડીવાર આરામ કરવા માટે રોકાયેલા હોય છે. માથા પરથી પરસેવો ટપકી રહ્યો છે અને આ ફુલ કેવા ખુશીના ગીત ગાઇ રહ્યા છે. અથવા તો તેના બનાવનારના વખાણ કરી રહ્યા છે. સાચુ છે કે ઇજતેમાએ ઝિદ્દેન (એટલે કે બે વિરોધાભાસી વસ્તુઓનું ભેગા થવું) અશક્ય છે. પરંતુ કાદિરે મુત્લક માટે દરેક ચીજનું વુજુદ શક્ય છે.

હઝરત ઇબ્રાહિમ(અ.સ.)થી લઇને હારૂને મક્કી સુધી માલુમ નથી કે કેટલાય આશ્ચર્યજનક એવા બનાવો આ ફાની દુનિયામાં બની ગયા હશે જે ઇતિહાસના પાનાઓ પર ક્યાંક ગુમ થઇ ગયા અથવા સમયના શાંત પરંતુ ઝડપી વહેણમાં વહી ગયા હશે જ્યાં ફુલની નરમ અને નાજુક અને ખુશનુમા પાંખડીઓએ ધગધગતા અંગારાઓને પરાજય આપીને તેને કચડી નાખ્યો છે. દેખતી આંખ હકીકતોને અજવાળામાં લાવીને જોવે છે. ઇમામ અલી(અ.સ.)નો ઇર્શાદ છે કે જ્યારે ઇતિહાસનું પાનુ ફેરવો તો સમજી લ્યો કે તમે એ જ સમયમાં, એ જ જમીન પર, એ જ માહોલમાં, એ જ લોકો સાથે ચાલી રહ્યા છો. ઇતિહાસકારોને જીંદગી બક્ષવાવાળી કરબલાના બનાવોમાં એ બનાવ અને હાદેસાની પાસે થોડીવાર ઉભા રહીને જોઇએ. એક હળવી મુસ્કુરાહટ જે છ મહિનાના અલીના હોઠો પર જાહેર થઇ હતી કેટલાય પત્થર દિલ ઇન્સાનોને પરાજીત કરીને એક એવો ઇતિહાસ બનાવ્યો જેની વિગતની હેઠળ હજારો ઇલાહી રહસ્યો કે જે તેમાં છુપાયેલા હતા જાહેર થઇ ગયા.

ઇર્શાદે બારી તઆલા છે કે ''અમે તેઓ પર એહસાન કરીશું જેઓને આ જમીન પર કમજોર કરી દેવામાં આવ્યા છે અને અમે તેમને ઇમામ બનાવીશું અને અમે તેમને આ જમીનના વારિસ બનાવીશું'' અને એક બીજી જગ્યાએ આ વિરાસતનો પરિચય આમ કહીને કર્યો છે કે ''આ જમીન અને આસ્માન તમામ અલ્લાહની મીરાસ છે અને જેને ચાહે તેને આપી દે અને પછી કુર્આને મજીદમાં વારંવાર પુનરાવર્તન છે કે તે રહીમ છે, માફ કરવાવાળો છે, ગની છે, પોતાની મખ્લુકને ચાહવાવાળો છે, ઇન્સાનને મોટા મોટા દરજ્જા દેવાવાળો છે, મહાન અને ઉચ્ચ દરજ્જાઓ પર સ્થાપિત કરવાવાળો છે. ઇન્સાન ઘમંડ અને અભિમાનથી બચતો રહે જેના પરિણામે કમજોર બંદાઓને તેના ઝુલ્મ અને સિતમ સહન કરવા પડે છે. ઇન્સાનને સ્વતંત્ર જરૂર બનાવ્યો છે, ઇખ્તિયાર જરૂર આપ્યા છે, પરંતુ તેના ઇખ્તિયારોની સાથો સાથ કાનુનની પાબંદી લગાવી છે. અલ્લાહ તબારક વ તઆલાના કાનુનની સ્થાપના માટે પોતાના ખાસ બંદાઓને તેમની નૂરાનીયતને જે તેમની મૂળભૂત ખિલ્કત છે તેમને માટીના શરીર આપીને જમીન પર ઉતાર્યા. આ સિલસિલો દુનિયાની બનવાની સાથે જ શરૂ થઇ ગયો હતો અને ઝમાનો જ્યાં સુધી પોતાના ભવિષ્યને વર્તમાનના સાંચામાં ઢાળતો રહેશે હકતઆલાના વલી તેના ખલીફા તેની જમીન પર, વસીઓ પર, તેની મખ્લુક પર, તેના બંદાઓ પર તેની તરફથી પોતાના વિલાયત અને ખિલાફતના હોદ્દાની ફરજોને અંજામ દેવા માટે ગૈબતની નૂરાની ભવ્ય સ્થાનેથી અંજામ દેતા રહેશે અને તેના હિદાયતી ઇર્શાદો, એહકામ અને કુર્આનના ફરમાનોની તરફ અક્કલમંદ અને નેક તીનત લોકોને એવી રીતે ફિક્રની દાવત

**અનુસંધાન પાના નં. ૩૦ ઉપર ...**

# ગિર્યાની અઝમત

ખુદાવંદે આલમે ઈન્સાનોની હિદાયત અને હંમેશની નજાત માટે અશરફુલ અંબિયા અકમલુલ રોસોલ અને શ્રેષ્ઠ મખ્લુક તથા કાએનાતની ખિલ્કતના સબબ હઝરત મોહમ્મદ મુસ્તુફા(સ.અ.વ.)ને દીને મુકદ્દસે ઈસ્લામની સાથે નિયુક્ત કર્યા. આં હઝરત(સ.અ.વ.)ને આખરી નબી અને આપના દીનને આખરી દીન અને આપની લાવેલી કિતાબ કુર્આને મજીદને આખરી આસ્માની કિતાબ ગણાવી એટલે કે આં હઝરત(સ.અ.વ.) પછી ન તો કોઇ નબી આવશે અને ન તો દીને મુકદ્દસે ઇસ્લામ પછી કોઇ દીન અને ન કુર્આને મજીદ પછી કોઇ કિતાબ આવશે. હવે ઇન્સાનની હિદાયત માટે કયામતની સવાર સુધી ન તો કોઇ રસુલ આવશે અને ન કોઇ દીન અને શરીઅત.

હઝરત મુરસલે આઝમ(સ.અ.વ.)એ ‘ઝલાલે મોબીન’ ‘ખુલ્લી ગુમરાહી’ના માહોલમાં લોકોને વાસ્તવિક ખુદાની તરફ દાવત આપી અને દીને મુકદ્દસે ઇસ્લામની તરફ બોલાવ્યા. અંધકારમાં રેહવાવાળાઓએ પ્રકાશની, ઝહેરની આદત ધરાવનારા લોકોએ આબે હયાતની પુરે પુરી મુખાલેફત કરી અને વિરોધ કરવાના જેટલા રસ્તાઓ અને કાવતરાઓ ઇસ્તેમાલ કરી શક્તા હતા તેટલા કર્યા. પરંતુ આં હઝરત (સ.અ.વ.)ની તબ્લીગ અને દીને ઇસ્લામમાં એ અસર હતી કે દિલ પરિવર્તન થતા ગયા. લોકો મુસલમાન થતા રહ્યા. એ દિલોના દરવાજા ખુલી ગયા જે ખૈબરના દરવાજાથી વધારે સખ્ત હતા. પરવરદિગારની મારેફતના બગીચાઓ દિલોની વાદીઓમાં ખિલતા રહ્યા અને જોત જોતામાં અરબનો પુરો માહોલ બદલાઇ ગયો. જે મક્કાની અંદર કાફલાઓ લુંટવામાં આવતા હતા તે મક્કા સ્વચ્છ અને સલામતીનું કેન્દ્ર બની ગયુ. લોકોના સ્વભાવ બદલ્યા, આદતો બદલી, સ્વાર્થવૃત્તિની જગ્યાએ કુર્બાનીની વાતો થવા લાગી, ખુંરેઝીના બદલે ફિદાકારીની ચર્ચા થવા લાગી, માલને લુંટવાવાળા માલ લુંટાવવા લાગ્યા. ટૂંકમાં પુરો સમાજ બદલાઇ ગયો. એવો જબરદસ્ત પલટો આવ્યો કે બોલતા જાનવરે પોતાની હૈવાનીય્યત છોડીને ઇન્સાન બની ગયો.

પરંતુ બની આદમનો જુનો કટ્ટર દુશ્મન શૈતાન અને નેકીઓના દુશ્મન ‘નફસે અમ્મારા’ને આ પરિવર્તન ગમ્યું નહી. શરૂઆતથી જ દીને ઇસ્લામની વિરૂદ્ધ સાઝીશો શરૂ થઇ. કાવતરા કરવાવાળા દિમાગો એક-બીજાની નજીક થયા, દુશ્મનીના મનસુબા બનાવવામાં આવ્યા, રસ્તાઓ નક્કી કર્યા, સમય મુકર્રર કરવામાં આવ્યો, ‘મસ્જીદે ઝેરાર’નું નિર્માણ કરવામાં આવ્યુ, રસુલે ખુદા(સ.અ.વ.)ને રાતના અંધકારમાં ઉંટ પરથી પછાડીને ખત્મ કરવાનું કાવતરૂ ઘડવામાં આવ્યું. ઇસ્લામના દુશ્મનો સાથે સાંઠ ગાંઠ બાંધવામાં આવી અને પોતાના મનસુબા પર અમલ કરવા માટે રસુલે ખુદા (સ.અ.વ.)ની આંખો બંધ થવાનો ઇન્તેઝાર કરવા લાગ્યા. આ મનસુબાને અમલી રૂપ દેવા માટે ઓસામાના લશ્કરથી દૂરી ઇખ્તેયાર કરાવામાં આવી. રસુલે ખુદા(સ.અ.વ.)ના વારંવાર ઇસ્રાર કરવા છતા તેઓ ઓસામાના લશ્કરમાં શામિલ થયા નહિ અને મદીનાની ગલીઓમાં પણ દેખાતા ન હતા.

જેવી રસુલે ખુદા(સ.અ.વ.)ની આંખ બંધ થઇ, જુના મનસુબા પર અમલ કરવાનું શરૂ થઇ ગયું. સકીફામાં પંચાયત ગોઠવાણી, જનાબે ઝહરા(સ.અ.)ના ઘરનો દરવાજો સળગાવવામાં આવ્યો, હઝરત અલી(અ.સ.)ના ગળામાં રસ્સી બાંધવામાં આવી, જનાબે ઝહરા(સ.અ.)ને શહીદ કરવામાં આવ્યા, હઝરત અલી(અ.સ.)ને એકલા પાડી દેવામાં આવ્યા, ખુદા અને રસુલની વિરૂદ્ધ દીનમાં વ્યક્તિગત અભિપ્રાયોને જગ્યા દેવામાં આવી, હલાલ અને હરામના નવા કાયદાઓ ઘડવામાં આવ્યા, બિદઅતોને સુન્નતોનો દરજ્જો આપવામાં આવ્યો, સુન્નતો કરતા બિદઅતો પર વધારે અમલ કરવામાં આવ્યો, ધીમે ધીમે દીનનો એવો નકશો બદલાયો, ઇસ્લામના વર્તુળમાં રહીને તેઓ કે જે એક બાજુ કુર્આનની તિલાવત પણ કરતા હતા અને બીજી તરફ શરાબ અને શબાબ જેને દીને ઇસ્લામમાં હરામ અને નજીસ અને શૈતાની અમલ ગણવામાં આવ્યું હતુ તેના પર અમલ કરવા લાગ્યા અને પોતાની જીંદગીમાં જાએઝ ગણી લીધુ. યઝીદ કે જે ઇસ્લામી ઇતિહાસનો ફાસીક અને દુરાચારી પાત્ર છે તે શરીઅતની આ

તમામ હદોને તોડીને ખલીફએ રસુલ બની ગયો. લોકોએ આ યઝીદનો સાથ આપ્યો. અમૂક તેના સિપાહીઓ બનીને કરબલાના મૈદાનમાં આવી ગયા. અમૂક લોકો હઝરત ઇમામ હુસૈન(અ.સ.)થી અલગ રહીને ખામોશી પૂર્વક પોતાના દિલોમાં યઝીદ(લા.) પ્રત્યે કુણી લાગણી રાખતા હતા. રસુલના નવાસા ઉપર અબુ સુફયાનના પોત્રને અગ્રતા આપવા લાગ્યા. અસ્હાબ અને તાબેઇનો અત્યાર સુધીના તમામ ફેરફારોને એવી રીતે શરણે થઇ ગયા કે દીને ઇસ્લામનો અસલી ચેહરો ઢંકાઇ ગયો અને એક એવો ઇસ્લામ સમાજમાં પ્રચલિત થવા લાગ્યો કે જે ખુદાએ નાઝિલ જ કર્યો ન હતો.

રસુલે સકલૈન(સ.અ.વ.)ના નવાસા હઝરત ઇમામ હુસૈન(અ.સ.) જે નવાસએ રસુલ(સ.અ.વ.) હોવાની સાથો સાથ જમીન પર અલ્લાહની હુજ્જત હતા, દીને ઇસ્લામના મુહાફિઝ હતા, તેમણે દીનની હીફાઝત માટે એ પગલુ ભર્યુ જેના લીધે આજ સુધી દીને ઇસ્લામ જીવંત છે. ઇમામ હુસૈન (અ.સ.)એ તેના માટે પોતાના આખા કુટુંબની અને વફાદાર અસ્હાબની શહાદત કબુલ કરી. લોકોએ રસુલ(સ.અ.વ.)ના નવાસા અને તેની આલ અને અસ્હાબને એવી બેરેહમી પૂર્વક શહીદ કર્યા કે જેની મિસાલ દુનિયાના ઇતિહાસમાં નથી. આ કરબલાનો બનાવ અમૂક મહીના અને વરસનું પરિણામ નથી પરંતુ એ ઝુલ્મો જોરની પરાકાષ્ટા હતી જે રસુલે ખુદા(સ.)ના બાદ શરૂ થઇ ગયો હતો.

ઝાલિમ અને જાબીરને ઝુલ્મો જોર કરતી વખતે ફક્ત તાકતનો નશો સવાર હોય છે તેના પરિણામનો હરગીઝ વિચાર નથી કરતો પરંતુ જ્યારે તેના ઝુલ્મની ચર્ચાઓ થવા લાગે છે તો ઝાલિમ અને ઝાલિમ પ્રત્યે હમદર્દી રાખવાવાળાને બહુ જ ખરાબ લાગે છે. તે આ પ્રકારની ચર્ચાઓને કોઇ પણ સ્વરૂપમાં પસંદ નથી કરતા.

દીને મુકદ્દસે ઇસ્લામનું બાકી રહેવું એ ઇમામ હુસૈન (અ.સ.)ની શહાદતથી જોડાયેલુ છે. અઝાદારી એટલે ઇમામ હુસૈન(અ.સ.)ની શહાદત અને તેમના તથા તેમના ખાનદાન પર થવાવાળા તમામ ઝુલ્મોનો ઝિક્ર છે. જ્યારે દિલ આ પ્રકારના મઝાલીમ સાંભળીને અસરગ્રસ્ત થાય છે તો આંખોમાંથી આંસુ નીકળી આવે છે. આ આંસુ ઝાલિમોને ગમતા નથી. આ કારણે અઝાદારી અને ગિર્યાનો વિરોધ કરવામાં આવ્યો.

હઝરત રસુલે ખુદા(સ.અ.વ.) અને અઇમ્મએ માસુમીન (અ.મુ.સ.)ની સામે કયામત સુધીની તમામ પરિસ્થિતિઓ હોય છે. તેમને માલુમ હતુ કે એહલેબૈત(અ.મુ.સ.)ના ફઝાએલ અને મસાએબ ઉપર ખાસ કરીને હઝરત ઇમામ હુસૈન(અ.સ.)ના ફઝાએલ અને મસાએબ ઉપર પાબંદીઓ નાખવામાં આવશે. એ છતા કે આ જ ફઝાએલ અને મસાએબ ઇસ્લામની જીંદગીનું કારણ છે. આ હઝરતોએ ગિર્યા અને મસાએબના ઝિક્રને બાકી રાખવા માટે એવી વ્યવસ્થા કરી દીધી કે આ સિલસિલો કયામત સુધી શરૂ રહે. હઝરત ઇમામ હુસૈન (અ.સ.)થી મોહબ્બત કરવી, તેમનો ગમ મનાવવો, તેમની મુસીબતો પર આંસુ વહાવવા સુન્નતે રસુલ છે અને સુન્નતે રસુલથી મોઢુ ફેરવવુ એ સ્પષ્ટ ગુમરાહી છે.

## રસુલ(સ.અ.વ.)ની તીવ્ર મોહબ્બતઃ

⌘ હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ

***અય ઇમરાન દરેક ચીજની દિલમાં એક જગ્યા હોય છે પરંતુ જે જગ્યા આ બચ્ચાઓ (ઇમામ હસન અને ઇમામ હુસૈન)ની મારા દિલમાં છે તે બીજા કોઇની નથી***

ઇમરાને અર્ઝ કરીઃ શું બધુ આ બચ્ચા જ છે. ફરમાવ્યુંઃ

***અય ઇમરાન જે તમે નથી જાણતા તે તેનાથી વધારે છે. ખુદાએ મને તેમની મોહબ્બતનો હુકમ આપ્યો છે***

(કામિલુઝ્ઝીયારાત, પ્રકરણઃ ૧૪, હદીસઃ ૨)

⌘ જનાબે અબુઝરે ગફ્ફારીની રિવાયત છેઃ મેં જોયુ કે હઝરત રસુલે ખુદા(સ.અ.વ.) ઇમામ હસન(અ.સ.) અને ઇમામ હુસૈન (અ.સ.)ને બોસો લઇ રહ્યા છે અને ફરમાવી રહ્યા છેઃ જે હસન(અ.સ.) અને હુસૈન(અ.સ.) અને તેમની ઝુર્રીયતને ખુલુસતાથી મોહબ્બત કરશે, જહન્નમની આગ તેને નહી બાળશે. ભલેને પછી તેના ગુનાહ રણની રેતી જેટલા કેમ ન હોય, સિવાય એ ગુનાહ જે ઇમાનથી બહાર કાઢી નાખે

(ઉપરોક્ત સંદર્ભ, હદીસઃ ૪)

⌘ અબ્દુલ્લાહ ઇબ્ને મસઉદએ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ને ફરમાવતા સાંભળ્યાઃ

***જે મને મોહબ્બત કરતો હોય તેના માટે જરૂરી છે કે તે આ બંને બાળકોને મોહબ્બત કરે કારણ કે ચોક્કસ અલ્લાહ તઆલાએ તેમને મોહબ્બત કરવાનો હુકમ***

*આપ્યો છે*

(ઉપરોક્ત સંદર્ભ, હદીસઃ ૫)

⌘ હઝરત ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.)એ હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)થી રિવાયત કરી છેઃ

*જે એ મજબુત રસ્સીથી મુતમસ્સીક રહેવા ચાહે છે જેનો ઉલ્લેખ અલ્લાહ તઆલાએ પોતાની કિતાબમાં કર્યો છે, તેના માટે જરૂરી છે કે તે હઝરત અલી ઈબ્ને અબીતાલિબ(અ.સ.) અને હઝરત હસન(અ.સ.) અને હઝરત હુસૈન(અ.સ.)ને પોતાના વલી માને કારણ કે ખુદાવંદે આલમ અર્શની ઉપર આ બંનેથી મોહબ્બત કરે છે*

(ઉપરોક્ત સંદર્ભ, હદીસઃ ૬)

⌘ હઝરત ઈમામ જાફરે સાદિક(અ.સ.)એ હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)થી રિવાયત નક્લ કરી છેઃ

*જે ઈમામ હસન(અ.સ.) અને ઈમામ હુસૈન(અ.સ.) થી નફરત રાખશે તે કયામતમાં એવી રીતે આવશે કે તેના ચેહરા પર જરાયે ગોશ્ત નહી હોય અને તેને હરગીઝ મારી શફાઅત નસીબ નહી થાય*

(ઉપરોક્ત સંદર્ભ, હદીસઃ ૭)

⌘ કુર્આને કરીમમાં અલ્લાહ તઆલા ઈર્શાદ ફરમાવે છેઃ

*અગર તમે અલ્લાહથી મોહબ્બત કરો છો તો મારી પૈરવી કરો અલ્લાહ તમને મોહબ્બત કરશે*

અલ્લાહથી મોહબ્બત માટે રસુલ(સ.અ.વ.)ની પૈરવી જરૂરી છે અને રસુલ(સ.અ.વ.)ની પૈરવી માટે ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન(અ.સ.)ને મોહબ્બત કરવી જરૂરી અને આવશ્યક છે. રસુલ(સ.અ.વ.)ની મોહબ્બત તેમના નવાસાની મોહબ્બત વગર શક્ય જ નથી.

## શહાદત અગાઉ રસુલે ખુદા(સ.અ.વ.)નું રડવુંઃ

હઝરત ઈમામ બાકિર(અ.સ.)ની રિવાયત છે કે અમીરૂલ મોઅમેનીન(અ.સ.)એ ફરમાવ્યુંઃ

*એક દિવસ હઝરત રસુલે ખુદા(સ.અ.વ.) અમારા ઘરે આવ્યા. તે દિવસે ઉમ્મે અયમન એ અમારે ત્યાં દૂધ, ઘી અને ખજુર તોહફા તરીકે મોકલ્યા હતા. અમે આં હઝરત (સ.અ.વ.)ની ખિદમતમાં આ વસ્તુઓ હાજર કરી. આં હઝરત(સ.અ.વ.) એ તેમને ખાધી અને પછી આપ(સ.)એ અમૂક રકાત નમાઝ પઢી અને નમાઝના આખરી સજ્દામાં ખૂબ જ ગિર્યા કર્યુ. આપના એહતેરામના લીધે કોઈનામાં હિંમત ન થઈ કે આ રોવાનું કારણ પુછે. તે સમયે હુસૈન (અ.સ.) ઉભા થયા અને આપ(સ.)ના ખોળામાં બેસી ગયા અને કહ્યુંઃ નાના જાન! જ્યારે તમે અમારા ઘરમાં દાખલ થયા આપના આવવાથી જે ખુશી થઈ તે કોઈ ચીજથી નથી થઈ. પછી આપ રોવા લાગ્યા જેના લીધે અમે બધા ગમગીન થઈ ગયા. અત્યારે આપના રોવાનો શું સબબ છે?*

ફરમાવ્યુંઃ

*નુરે નઝર હમણા થોડી વાર પેહલા જીબ્રઈલ આવ્યા હતા અને આ ખબર આપી ગયા છે કે તમે બધા કત્લ કરી દેવામાં આવશો અને તમારી કત્લની જગ્યાઓ અલગ અલગ હશે*

ઈમામ હુસૈન(અ.સ.)એ પુછ્યુંઃ

*અમારી કબ્રો અલગ અલગ હોવા છતા અગર કોઈ અમારી કબ્રોની ઝિયારત કરે તો તેને શું સવાબ મળશે?*

ફરમાવ્યુંઃ

*મારી ઉમ્મતના અમૂક ગિરોહ તમારી કબ્રોની ઝિયારત કરશે અને તેના થકી બરકત હાસિલ કરશે. મારી ઉપર એ વાજીબ છે કે હું કયામતમાં તેમની પાસે આવીશ અને તેમને કયામતની સખ્તીઓથી અને ગુનાહોથી નજાત દેવડાવીશ અને ખુદા તેમને જન્નતમાં જગ્યા અતા કરશે*

(કામિલુઝ્ઝીયારત, પ્રકરણઃ ૧૬, હદીસઃ ૯)

હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)એ શહાદતની ખબર સાંભળીને માત્ર રડ્યા એટલુ જ નહી બલ્કે ખુબ જ સખ્ત રડ્યા અને તે પણ નમાઝના આખરી સજ્દામાં એટલે કે નમાઝની હાલતમાં. આનાથી એ વાત સ્પષ્ટ થાય છેઃ

(૧) ઈમામ હુસૈન(અ.સ.)ના મસાએબ પર રડવું એ સુન્નતે રસુલ છે.

(૨) માત્ર રડવું જ નહી પરંતુ તીવ્રતા પૂર્વક રડવુ એ રસુલની સુન્નત છે.

(૩) આ ગિર્યા ફક્ત આંસુની શકલમાં ન હતુ બલ્કે કાંઇક એવી રીતે હતુ કે ત્યાં હાજર બધા લોકો તેનાથી મુંજવણમાં હતા અને સવાલ કરી શક્તા ન હતા.

(૪) આ રડવું નમાઝની હાલતમાં હતુ.

(૫) આ ગિર્યા-બુકા સજ્દાની હાલતમાં હતુ. સજ્દો નમાઝની મેઅરાજ છે અને ખુદાવંદે આલમથી નઝદીક થવાની મહાન મંઝિલ છે.

(૬) નમાઝની હાલતમાં ઇમામ હુસૈન(અ.સ.)ના મસાએબ પર ગિર્યા કરવું એ નમાઝને બાતિલ કરનારૂ નથી બલ્કે અલ્લાહની કુરબતનો સબબ છે.

(૭) જ્યારે શહાદત પેહલા રોવાની આવી હાલત છે તો શહાદત બાદ કેવી હાલત હશે

## તમામ મખ્લુકોએ ગિર્યા કર્યુઃ

હુસૈન ઇબ્ને સુવૈરની રિવાયત છેઃ અમે યુનુસ બીન ઝબયાન, મઅકલ બીન ઉમર અને અબુ સલમા સિરાજ હઝરત ઇમામ જાફરે સાદિક(અ.સ.)ની ખિદમતે અકદસમાં હાજર હતા. યુનુસ અમારા બધામાં સૌથી મોટા હતા. તેઓ જ વાતચીત કરી રહ્યા હતા. વાતચીત દરમિયાન હઝરત ઇમામ જાફરે સાદિક(અ.સ.)એ ફરમાવ્યુંઃ

*જ્યારે હઝરત ઇમામ હુસૈન(અ.સ.)ને શહીદ કરી દેવામાં આવ્યા, તેમના પર સાતેય આસ્માનોએ ગિર્યા કર્યુ. જમીનના સાતેય તબક્કાઓએ રૂદન કર્યુ. જમીન અને આસ્માનની વચ્ચે જેટલી પણ ચીજો છે બધાએ રૂદન કર્યુ. એ મખ્લુકોએ પણ રૂદન કર્યુ જે જન્નત અને જહન્નમમાં મુનકલીબ થઇ રહી છે. એ મખ્લુકોએ પણ ગિર્યા કર્યુ જે જોઇ શકાય તેવી છે અને એ મખ્લુકોએ પણ ગિર્યા કર્યુ જે જોઇ શકાતી નથી. માત્ર ત્રણ ચીજોએ રૂદન કર્યુ નહી*

યુનુસ એ પુછ્યુંઃ એ ત્રણ ચીજો કઇ છે? ફરમાવ્યુંઃ

*બસરા, દમિશ્ક અને આલે ઉસ્માન બીન અફ્ફાન*

(કામિલુઝ્ઝીયારત, પ્રકરણઃ ૨૬, હદીસઃ ૭)

એક અન્ય રિવાયતમાં હઝરત ઇમામ જાફરે સાદિક (અ.સ.)એ ફરમાવ્યુંઃ

*અય ઝોરારાહ! ઇમામ હુસૈન(અ.સ.)ની શહાદત પર આસ્માને ૪૦ દિવસ સુધી ખુનના આંસુ વહાવ્યા છે.*

આ જ રિવાયતમાં આગળ જઇને આ રીતે ઇર્શાદ ફરમાવ્યુંઃ

વ મા મિન્ અય્નીન અહબ્બ એલલ્લાહે વ લા અબ્રતીન મિન્ અય્નીન બકત્ વ દમઅત્ અલય્હે વ મા મિન્ બાકીન યબ્કીહે ઇલ્લા વ કદ્ વસલ ફાતેમત(સ.અ.) વ અસ્અદહા અલય્હે વ વસલ રસુલલ્લાહે વ અદ્દા હક્કના વ મા મિન્ અબ્દીન યુહ્શરો ઇલ્લા વ અય્નાહો બાકેયતુન ઇલ્લલ્ બાકીન અલા જદ્દેયલ્ હુસૈને(અ.સ.) ફ ઇન્નહુ યુહ્શરો વ અય્નોહુ કરીરતુન વલ્ બેશારતો તીલ્કાહો વસ્સોરૂરો બય્યેનુન અલા વજ્હેહી વલ્ ખલ્કો ફીલ્ ફઝએ વ હુમ્ આમેનુન વલ્ ખલ્કો યુઅ્રઝુન વ હુમ્ હોદ્દાસુલ્ હુસૈને(અ.સ.) તહ્તલ્ અર્શે વ ફી ઝીલ્લીલ્ અર્શે લા યખાફુન સુઅ યવ્મીલ્ હેસાબે યોકાલો લહોમુદ્ખોલુલ્ જન્નત ફ યઅ્બવ્ન

*ખુદાવંદે આલમને એ આંખ અને એ આંસુ સૌથી વધારે પસંદ અને મહબુબ છે જે હુસૈન(અ.સ.) પર રોવે. જ્યારે પણ કોઇ હઝરત ઇમામ હુસૈન(અ.સ.) પર ગિર્યા કરે છે તે જનાબે ફાતેમા ઝહરા(સ.અ.) સાથે સિલે રહમ કરે છે અને ગિર્યામાં તેમની મદદ કરે છે. તે હઝરત રસુલે ખુદા(સ.અ.વ.) સાથે સિલે રહમ કરે છે અને તેણે અમારો હક અદા કર્યો છે. કયામતમાં જે પણ બંદાને ઉઠાડવામાં આવશે તેની આંખો રડી રહી હશે પરંતુ મારા જદ્દ ઇમામ હુસૈન(અ.સ.) પર ગિર્યા કરવાવાળી આંખો તે દિવસે ઠંડી હશે, ખુશ ખબરીઓ તેનુ સ્વાગત કરતી હશે અને તેના ચેહરાઓ ખુશ ખુશાલ હશે. લોકો હિસાબો કિતાબની સખ્તીઓમાં ફસાએલા હશે પણ આ લોકો મુત્મઇન અને આરામમાં હશે. લોકો હિસાબ અને કિતાબ માટે હાજર કરવામાં આવી રહ્યા હશે અને આ લોકો અર્શની નીચે અને અર્શના છાયામાં હઝરત ઇમામ હુસૈન(અ.સ.)ની સાથે વાતચીતમાં મગ્ન હશે. તેમને હિસાબ અને કિતાબની સખ્તીઓનો કોઇ ડર નહી હોય. તેઓને જન્નતમાં બોલાવવામાં આવતા હશે (પરંતુ આ લોકો વાતચીત સાંભળવામાં એટલા બધા મગ્ન હશે) કે જન્નતમાં જવા માટે તય્યાર નહી હોય*

(કામિલુઝ્ઝીયારત, પ્રકરણઃ ૨૬, હદીસઃ ૮)

આ રિવાયત પર થોડુ ધ્યાન આપો.

(૧) ઇમામ હુસૈન(અ.સ.) પર ગિર્યા કરવુ એ ખુદાની નઝદીક ખુબ જ પસંદીદા અમલ છે.

(૨) આ ગિર્યા હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) સાથે સિલે રહેમ છે. તેમની સાથે હુસ્ને સુલુક છે.

(૩) આ ગિર્યા હઝરત રસુલે ખુદા(સ.અ.વ.) સાથે સિલે રહેમ છે.

(૪) આ ગિર્યા કયામતના મૈદાનમાં આંખોની ઠંડકનો સબબ છે.

(૫) આ ગિર્યા જન્નતની બશારત અને કયામતના મૈદાનમાં ખુશી અને આનંદનુ કારણ છે.

(૬) આ ગિર્યા ઇલાહી અર્શના છાયામાં હઝરત ઇમામ હુસૈન(અ.સ.) સાથે વાતચીતમાં મગ્ન રેહવાનો સબબ છે.

(૭) આ ગિર્યા હિસાબ અને કિતાબની સખ્તીઓથી નજાતનું કારણ છે.

## ચાર હજાર ફરિશ્તાઓ ગિર્યા કરી રહ્યા છેઃ

ફરિશ્તા ખુદાવંદે આલમની એ મખ્લુક છે જે હરગીઝ ખુદાની નાફરમાની નથી કરતા. તેઓ માત્ર એ જ કાર્યને બજાવી લાવે છે જેમાં ખુદાવંદે આલમની ખુશ્નુદી અને મરજી હોય. ફરિશ્તાઓનો દરેક અમલ અલ્લાહનો પસંદીદા અમલ છે. ઇન્સાનની ખિલ્કતનો મકસદ ખુદાની ઇબાદત એટલે ખુદાની પસંદ પ્રમાણે અમલ બજાવી લાવવો.

⌘ હઝરત ઇમામ જાફરે સાદિક(અ.સ.)એ જનાબે ફુઝૈલ બીન યસારને ફરમાવ્યુંઃ

*તમે લોકો ઇમામ હુસૈન(અ.સ.)ની કબ્રની ઝિયારત કરવા શા માટે નથી જતા? ચાર હજાર ફરિશ્તા ઇમામ હુસૈન(અ.સ.)ની કબ્ર પર કયામત સુધી ગિર્યા કરતા રહેશે*

(કામિલુઝ્ઝીયારત, પ્રકરણઃ ૨૭, હદીસઃ ૩)

⌘ હઝરત ઇમામ મોહમ્મદ બાકિર(અ.સ.)ની રિવાયત છેઃ

*ચાર હજાર ફરિશ્તા એવી રીતે રડી રહ્યા છે કે તેમના માથાઓ પર ધૂળ અને માટી છે*

(કામિલુઝ્ઝીયારત, પ્રકરણઃ ૩૭, હદીસઃ ૪)

⌘ એક અન્ય રિવાયતમાં હઝરત ઇમામ જાફરે સાદિક (અ.સ.)એ ફરમાવ્યુંઃ

*હઝરત ઇમામ હુસૈન(અ.સ.)ની શહાદતના દિવસથી હઝરત કાએમ(અ.સ.)ના ઝુહુર સુધી દરરોજ માથા પર ખાક નાખેલા ૭૦,૦૦૦ ફરિશ્તાઓ ઇમામ હુસૈન(અ.સ.)ને સલામ કરવા માટે આવે છે અને આવતા રેહશે*

(કામિલુઝ્ઝીયારત, પ્રકરણઃ ૩૭, હદીસઃ ૫-૬-૭-૯)

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર(અ.સ.)ની રિવાયત છેઃ

*ખુદાવંદે આલમે હઝરત ઇમામ હુસૈન(અ.સ.)ની પવિત્ર કબ્ર પર માથા પર ખાક નાખેલા ૭૦,૦૦૦ ફરિશ્તાઓ નિયુક્ત કર્યા છે. તેઓ કયામત સુધી ઇમામ હુસૈન(અ.સ.) પર ગિર્યા કરતા રેહશે અને નમાઝો પઢતા રેહશે. તેમની એક નમાઝ ઇન્સાનોની ૧૦૦૦ નમાઝો જેટલી છે. તેઓની નમાઝોનો સવાબ અને બદલો એ લોકો માટે છે, જે ઇમામ હુસૈન(અ.સ.)ની પવિત્ર કબ્રની ઝિયારત કરે છે*

(કામિલુઝ્ઝીયારત, પ્રકરણઃ ૨૭, હદીસઃ ૧૫)

## જનાબે ઝહરા(સ.અ.) અને મલાએકાઓનું તીવ્ર રૂદનઃ

હઝરત ઇમામ જાફરે સાદિક(અ.સ.)એ ફરમાવ્યુંઃ

*જ્યારે તમે ઇમામ હુસૈન(અ.સ.)ની ઝિયારત કરો તો ખામોશ રહો. અગર વાતચીત કરો તો નેક વાતચીત કરો. રાત અને દિવસના મુહાફિઝ મલાએકા જ્યારે ઇમામ હુસૈન (અ.સ.)ના હરમમાં દાખલ થાય છે અને ત્યાં હાજર ફરિશ્તાઓ સાથે મુલાકાત કરે છે, મુસાફેહો કરે છે પરંતુ રૂદનની તીવ્રતાને લીધે જવાબ નથી આપતા. આ લોકો સૂરજ ડુબવાનો અથવા તુલુએ ફજ્રનો ઇન્તેઝાર કરે છે. તે સમયે તેઓ એકબીજા સાથે વાતચીત કરે છે*

મલાએકા આ રીતે શીદ્દત સાથે ગિર્યા કરે છે અને તેમની પર રૂદન એટલુ બધુ છવાઇ જાય છે કે એકબીજા સાથે વાતચીત નથી કરી શકતા. જાહેર વાત છે કે મલાએકા જે

માઅરેફતની સાથે હઝરત ઇમામ હુસૈન(અ.સ.)ની ઝિયારત માટે આવે છે તેમનું સખ્ત રોવુ તે તેમની મઅરેફતની અસર છે અને જેટલુ હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) ગિર્યા કરે છે તેની સામે મલાએકાનું રડવુ તો કશુ જ નથી. આ જ રિવાયતમાં આગળ જઇને હઝરત ઇમામ જાફરે સાદિક(અ.સ.) ફરમાવે છે:

*જ્યારે હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) ઇમામ હુસૈન (અ.સ.)ના ઝાએરોને જુએ છે, તે સમયે તેમની સાથે ૧૦૦૦ નબી હોય છે, ૧૦૦૦ સીદ્દીક હોય છે, ૧૦૦૦ શહીદ હોય છે અને દસ લાખ કર્રૂબીન હોય છે. આ તમામ હઝરાત હઝરત ઝહરા(સ.અ.)ના ગિર્યામાં તેમનો સાથ આપે છે. તેઓ ધ્રુસ્કે ધ્રુસ્ક ગિર્યા કરે છે. આસ્માનમાં કોઇ એક પણ ફરિશ્તો એવો નથી જે તેમના ગિર્યાની અવાજ સાંભળીને આંસુ ન વહાવતો હોય. જનાબે ઝહરા(સ.અ.)નું ગિર્યા શરૂ રહે છે ત્યાં સુધી કે હઝરત રસુલે ખુદા(સ.અ.વ.) તશરીફ લાવે છે અને ફરમાવે છેઃ નૂરે નઝર તમારા ગિર્યાથી તમામ આસ્માનવાસીઓ તસ્બીહ અને તકદીસ છોડીને ગિર્યા કરી રહ્યા છે*

(કામિલુઝ્ઝીયારત, પ્રકરણઃ ૩૭, હદીસઃ ૧૯)

આ રિવાયત પરથી અંદાજો આવે છે કે જનાબે સય્યદા (સ.અ.)નું રોવુ આજે પણ શરૂ છે અને જ્યારે રોવે છે તો ધ્રુસ્કે ધ્રુસ્કે રડે છે. ખૂબ જ દર્દ સાથે રોવે છે. આનાથી એ સ્પષ્ટ થાય છે કે આટલા બધા દિવસો પસાર થઇ ગયા બાદ પણ હઝરત ઇમામ હુસૈન(અ.સ.)નો ગમ આજે પણ તાજો છે અને તેની અસર આજે પણ એવી જ છે જે કાલે હતી. રાત દિવસના પસાર થવાની અસર આ ગમ પર નથી થતી. આ ગમ કુર્આને કરીમની જેમ હંમેશા તાજો છે અને હંમેશા પોતાની એક ખાસ અસર રાખે છે. આ ગિર્યાની વિરૂદ્ધ કેટલાયે ફત્વાઓ આવતા રહ્યા. લોકો સુધારણાના નામે આમા કેટલુયે ઓછુ કરવાની કોશિશ કરી પરંતુ બધા જ નિષ્ફળ થશે. આ ગમ હંમેશા જીવંત અને કાયમ રેહશે. હંમેશા તાજો રેહશે.

રિવાયતોથી સ્પષ્ટ થાય છે કે હઝરત ઇમામ હુસૈન (અ.સ.) પર ફક્ત ઇન્સાનો અને ફરિશ્તાઓએ ગિર્યા નથી કર્યુ પરંતુ જીન્નાતોએ ગિર્યા કર્યુ છે અને નૌહા તથા મરસીયા પણ કહ્યા છે.

(કામિલુઝ્ઝીયારત, પ્રકરણઃ ૨૯)

જાનવરોએ રૂદન કર્યુ છે. કબુતરોએ ગિર્યા કર્યુ છે અને કાતિલો પર લાનત મોકલી છે.

(કામિલુઝ્ઝીયારત, પ્રકરણઃ ૩૦)

ઘુવડે રૂદન કર્યુ છે.

(કામિલુઝ્ઝીયારત, પ્રકરણઃ ૩૧)

## ગિર્યાનો સવાબઃ

જ્યારે ગિર્યાના સવાબના બારામાં રિવાયતોનો ઉલ્લેખ કરવામાં આવે છે તો અમૂક લોકોને આ રિવાયતો હજમ નથી થતી અને તેના પર જુદા જુદા વાંધાઓ કરે છે. આંસુના એક ટીપા પર આટલો બધો સવાબ! આ કેવી રીતે શક્ય છે?! વાંધો કરવાવાળા એ ભૂલી જાય છે કે તેની આસપાસ જે નેઅમતો ઇન્સાન માટે પૈદા કરવામાં આવી છે શું તેની ગણતરી કોઇ શખ્સ કરી શકે છે? એ ખુદા કે જે કોઇ પણ જાતના કારણ વગર કાફિર, મુશરીક, મૂર્તિપુજક, ગુનેહગારને આટલા પ્રમાણમાં નેઅમતો આપી શકે છે તો અગર તે પોતાના સૌથી ચહિતા રસુલના સૌથી ચહિતા નવાસાના ગમમાં વેહવાવાળા આંસુના એક ટીપાની બદલે આટલો બધો સવાબ આપે તો શું તાજ્જુબ. નીચેની રિવાયતને ખુબ જ ધ્યાનથી વાંચો અને વારંવાર વાંચો. હઝરત ઇમામ મોહમ્મદ બાકિર(અ.સ.)એ પોતાના પીદરે બુઝુર્ગવાર હઝરત ઇમામ અલી બીન હુસૈન ઝૈનુલ આબેદીન(અ.સ.)થી રિવાયત વર્ણવી છે. આ રિવાયતને જનાબ અબુલ કાસિમ જાફર ઇબ્ને મોહમ્મદ ઇબ્ને કુલવય્હ કુમ્મીએ પોતાની ખુબ જ ભરોસાપાત્ર કિતાબ કામિલુઝ્ ઝિયારાતમાં વર્ણન કરી છે. આ કિતાબની રિવાયતોને સામાન્ય રીતે આલિમો અને ફકીહોએ ભરોસાપાત્ર અને પ્રમાણભુત ગણાવી છે.

હઝરત ઇમામ અલી બીન હુસૈન ઝૈનુલ આબેદીન (અ.સ.) ફરમાવે છેઃ

*હઝરત ઇમામ હુસૈન(અ.સ.)ની શહાદતની ખબર સાંભળીને અગર કોઇ મોઅમીનની આંખમાંથી આંસુ આવી જાય અને આંસુ તેના ગાલો પર આવી જાય, ખુદા તેને જન્નતમાં કેટલાય ઘર આપશે જેમાં તે પેઢી દર પેઢી રેહશે અને અગર મોઅમીનની આંખમાંથી આંસુ નીકળીને તેના ગાલો પર આવી જાય એ મુસીબતના બારામાં જે દુનિયામાં અમારા દુશ્મનોથી તેને પહોંચી*

*છે તો ખુદાવંદે આલમ તેને જન્નતમાં બેહતરીન જગ્યા અતા કરશે અને અગર કોઈ મોઅમીનને અમારી (મોહબ્બત અને સંબંધના લીધે) કોઈ તકલીફ પોંહચે અને આંસુ નીકળીને તેના ગાલો પર આવી જાય તો ખુદાવંદે આલમ કયામતની સખ્તીઓથી અને જહન્નમની આગથી નજાત આપશે*

(કામિલુઝ્ઝીયારાત, પ્રકરણઃ ૩૨, હદીસઃ ૧)

આ વિષયની અસંખ્ય રિવાયતો અઈમ્મએ માસુમીન (અ.મુ.સ.)થી વર્ણન થઈ છે. વાત ફક્ત આંસુના એક ટીપાની નથી. વાત એ મોહબ્બતની છે જેના લીધે આ આંસુ નીકળી આવે છે નહિતર ઇન્સાન તો આ દુનિયામાં ડગલેને પગલે રોતો રહે છે. હવે જરાક આ રિવાયતને ખુબ જ વધારે ધ્યાન અને વિચાર સાથે અભ્યાસ કરો.૩

મસ્મઅ બીન અબ્દુલ મલીક કરવીન બસરીની એક રિવાયત છે. હઝરત ઇમામ જાફરે સાદિક(અ.સ.)એ મને ફરમાવ્યું:

*અય મસ્મઅ! તુ ઈરાકનો રેહવાસી છો. શું તુ ઈમામ હુસૈન(અ.સ.)ની પવિત્ર કબ્રની ઝિયારત માટે જાય છે*

અર્ઝ કરીઃ નહિ કારણ કે બસરાવાસીઓમાં મશ્હુર અને જાણીતો છુ. મારી નજદીક અમૂક એવા લોકો છે જેઓ ખલીફાના આદમી છે. કબીલાવાળાઓ નાસેબી છે અને અમારા દુશ્મનો વધારે છે. હું મુત્મઇન નથી કે મારી ખબર સુલેમાનના દિકરા સુધી ન પહોંચે અને મારા હાથ પગ કાપી નાખે.

*ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું: શું તમે અમારા મસાએબનો ઝિક્ર કરો છો?*

અર્ઝ કરીઃ જી હા. ફરમાવ્યું:

*શું સાંભળીને ગમગીન થાવ છો?*

અર્ઝ કરીઃ ખુદાની કસમ મસાએબ સાંભળીને આંસુ નીકળી આવે છે. મારા ઘરવાળાઓ મને રડતા જોવે છે અને જ્યાં સુધી આ અસર રહે છે ખાવા પીવાનું છુટી જાય છે. ફરમાવ્યું:

*ખુદા તમારા આંસુઓ પર રહેમ કરે. તમે એ લોકોમાં શુમાર થઈ ગયા જે અમારા માટે ગમઝદા થાય છે. અમારી ખુશીમાં ખુશ થાય છે. અમારા લીધે ગમગીન થાય છે અને જ્યારે અમાનમાં હોય છે તો મુત્મઈન હોય છે. ચોક્કસ તમે તમારી મૌત વખતે અમારા બાપ-દાદાઓને તમારી પાસે પામશો. તેઓ મલેકુલ મૌતને તમારા બારામાં ભલામણ કરશે અને તમને જે ખુશખબરીઓ આપશે તે ઘણી વધારે ફઝિલતવાળી હશે. મલેકુલ મૌત તમારા માટે એક મહેરબાન મા કરતા વધારે મહેરબાન અને રહેમ દિલ હશે*

મસ્મઅનું બયાન છે કેઃ ત્યાર બાદ ઇમામ(અ.સ.) રડ્યા અને હું પણ રડ્યો. પછી ફરમાવ્યું:

*હમ્દ છે એ અલ્લાહની જેણે અમને મખ્લુકાતમાં પોતાની રેહમત થકી ફઝીલત આપી અને અમો એહલેબૈત(અ.મુ.સ.) ને રેહમતથી મખ્સુસ કર્યા. અય મસ્મઅ જ્યારથી અમીરૂલ મોઅમેનીન(અ.સ.) શહીદ થયા છે, જમીન અને આસ્માન અમારી મોહબ્બતમાં રોઈ રહ્યા છે. જ્યારથી અમે શહીદ થયા છીએ, મલાએકા અમારા માટે રોઈ રહ્યા છે અને અમારા માટે વધારેમાં વધારે આંસુ વહાવી રહ્યા છે. જે શખ્સ અમારી મુસીબતમાં અમારી મોહબ્બતમાં રોવે છે અને આંખમાંથી આંસુ નીકળે અને આંસુ ગાલો સુધી આવી જાય તો અગર આ આંસુનુ એક ટીપુ જહન્નમમાં નાખી દેવામાં આવે તો તેની ગરમી ખત્મ થઈ જાય અને તે ઠંડી થઈ જાય. જેનુ દિલ અમારા માટે ગમઝદા થઈ જાય, તે મૌતાના સમયે અમને જોઈને ખુશ થશે અને તે સમય સુધી ખુશ રેહશે જ્યાં સુધી હૌઝે કવસર પર અમારી સાથે મુલાકાત ન કરી લે અને ચોક્કસ હૌઝે કવસર અમારા ચાહવાવાળાઓને જોઈને ખુશ થશે. તે તેઓની ખિદમતમાં એવુ સ્વાદિષ્ટ ખાવાનુ હાજર કરશે કે ત્યાંથી જવા માટે કોઈનું દિલ ચાહશે નહિ*

*અય મસ્મઅ જે તેમાંથી એક ઘૂંટ પી લેશે તે ક્યારેય પ્યાસો થશે નહી અને પાણી માંગશે નહી. કપુરથી વધારે ઠંડુ, કસ્તુરીથી વધારે ખુશ્બુદાર અને તેનો સ્વાદ ઝન્ઝબીલ જેવો હશે, મધથી વધારે મીઠુ, પારાથી વધારે નરમ, આંસુઓથી વધારે ચોખ્ખુ અને પારદર્શક હશે, અંબરથી વધારે પાકીઝા હશે, તસ્નીમથી નીકળશે, જન્નતની નેહરોમાં વેહતુ હશે, તે મોતીઓ અને યાકુતોની જમીન પર વહેતુ હશે, તેની પર આસમાનના સિતારાઓથી વધારે પ્યાલા હશે, તેની ખુશ્બુ એક હજાર*

*વરસના અંતરથી મેહસુસ કરવામાં આવશે, તેના પ્યાલાઓ સોના ચાંદી અને રંગબેરંગી જવાહેરાતના હશે, પીવાવાળાઓના ચેહરા પર ખુબ જ ખુશીઓ હશે અને તેઓ એ કેહશે કે કાશ અમે અહી જ રહેતે આ સિવાય અમને બીજી કોઇ જગ્યા પસંદ નથી.*

*અય કરવીન! તમે એ લોકોમાંથી છો, જે તેનાથી તૃપ્ત થશો, જે આંખ અમારા ગમમાં આંસુથી ભરેલી હશે, તે કૌસરની ઝિયારતથી છલોછલ હશે અને જે અમારી સાથે મોહબ્બત કરશે તે તેનાથી સૈરાબ થશે. પીવાવાળાઓને એવો સ્વાદ અને મજા આવશે તેનાથી એ લોકો વંચિત રેહશે જેના દિલોમાં અમારી મોહબ્બત ઓછી હશે.*

*ચોક્કસ હૌઝે કવસર પર અમીરૂલ મોઅમેનીન (અ.સ.) હશે. આપના હાથોમાં કાંટાવાળી લાકડી હશે જેનાથી તેઓ અમારા દુશ્મનોને ભગાવશે. તે સમયે એક શખ્સ કેહશે હું તૌહીદ અને રિસાલતની ગવાહી આપુ છું. ઇમામ(અ.સ.) ફરમાવશે જા તારા ફલાણા ઇમામ પાસે જા તે જ તારી ભલામણ કરશે. તે કેહશે આપ જેની વાત કરી રહ્યા છો તે મારાથી દૂરી જાહેર કરે છે.*

*ઇમામ(અ.સ.) ફરમાવશેઃ પાછા જાવ અને તેને શોધો કે જેને તમે મોહબ્બત કરતા હતા અને મખ્લુકાત પર જેને અગ્રતા આપતા હતા. જ્યારે એ તારી નજદીક સૌથી બેહતર છે તો તેની પાસેથી જ શફાઅત તલબ કર. બેહતરીન મખ્લુક માટે એ યોગ્ય નથી કે તે શફાઅતનો ઇન્કાર કરે. તે કેહશેઃ હું પ્યાસના લીધે હલાક થઇ રહ્યો છું. ઇમામ(અ.સ.) ફરમાવશેઃ ખુદા તારી તરસમાં વધારો કરે. પાણીની તલબમાં વધુ વધારો કરે.*

મેં ઇમામ(અ.સ.)ની ખિદમતમાં અર્ઝ કરીઃ હું આપ પર કુરબાન થાવ. આ લોકો હૌઝે કવસર પર બીજાઓ કરતા વધારે નજદીક કેવી રીતે પહોંચી શકશે. ફરમાવ્યુંઃ

આ લોકો મારી વાતોથી પરહેઝ કરતા હતા અને જ્યારે અમારો ઝિક્ર થતો તો અમો એહલેબૈત(અ.મુ.સ.)ને ગાળો આપતા ન હતા. બીજા લોકો જે ગુનાહો અંજામ આપતા હતા તેનાથી આ લોકો દૂરી અપનાવતા હતા પરંતુ આ બધુ તેઓ અમારી મોહબ્બતમાં અને અમારી માટે બજાવી લાવતા ન હતા. આ બધુ તેઓ ઇબાદતની તીવ્રતા અને દીનદારીના લીધે કરતા હતા અને લોકોથી દૂરી અપનાવતા પરંતુ તેઓ દિલથી મુનાફિક હતા. દીની રીતે નાસેબી હતા અને નાસેબીઓની પૈરવી કરતા હતા. પસાર થઇ ગયેલા લોકોની વિલાયતને તસ્લીમ કરતા હતા અને તે બંનેને દરેકની ઉપર અગ્રતા આપે છે.

(કામિલુઝ્ઝીયારાત, પ્રકરણઃ ૩૨, હદીસઃ ૭)

આ મહત્વની હદીસને વારંવાર વાંચીએ અને ખુદા પાસે દુઆ કરીએ ઇમામ સાદિક(અ.સ.)એ આ હદીસમાં જે હકીકતો બયાન કરી છે તે આપણા ઉપર જાહેર થાય અને વધારે મારેફત અને મોહબ્બતની સાથે એહલેબૈત(અ.મુ.સ.) ના ગમમાં ગમગીન થઇએ અને આંસુ વહાવીએ.

## ઇમામ ખુમૈની અને અઝાદારીઃ

ઇમામ ખુમૈનીની એક કિતાબ ‘‘કશ્ફે અસ્રાર’’ આ કિતાબ મહત્વ ધરાવતી હોવા છતા ખુબ જ ઓછી પ્રાપ્ય છે. વિલાયતે એહલેબૈત(અ.મુ.સ.) અને ખાસ કરીને શીઆ મઝહબના અકીદાઓના બચાવના બારામાં એકદમ મહત્વની કિતાબ છે. ખુબ જ સારી રીતે અસરકારક અને ભરોસાપાત્ર તથા પ્રમાણભૂત અંદાજમાં ચર્ચા કરવામાં આવી છે. આ કિતાબનો એક વિષય આ છે ‘એક નઝરી બે અઝાદારી’ અઝાદારી પર એક નજર. તેમાંથી એક ભાગ વાંચકોની સમક્ષ રજુ કરીએ છીએ.

‘‘.........અહીં એ યોગ્ય છે કે એક ચર્ચા ખાસ કરીને અઝાદારી અને મજલીસોના બારામાં કરવામાં આવે કે જે ઇમામ હુસૈન(અ.સ.)ના નામ પર કરવામાં આવે છે. અમે અને કોઇ પણ દીનદાર એમ નથી કેહતો કે ઇમામ હુસૈન(અ.સ.) ના નામ પર જે કાંઇ થઇ રહ્યું છે તે બધુ સહીહ છે. બુઝુર્ગ ઓલમા અને વિદ્વાનોની નજદીક ઘણા બધા કામ સહીહ નથી. તેઓએ તેની જગ્યાએ તેનાથી મનાઇ પણ કરી છે. આજે ૨૦ વરસથી વધારે સમય પસાર થઇ ગયો છે કે જ્યારે બા અમલ આલિમ બુઝુર્ગ અને મોહતરમ મર્હુમ હાજી અબ્દુલ કરીમ હાએરી જે પોતાના સમયના સૌથી બુઝુર્ગ આલિમોમાં ગણાતા હતા. તેમનો પોતાનો એક મરતબો અને દરજ્જો હતો. તેમણે શબીહ ખ્વાનીની મનાઇ કરી હતી અને કુમની એક મોટી મજલીસને રોઝા ખ્વાનીમાં પરિવર્તિત કરી દીધી હતી અને

અન્ય આલિમોએ પણ એ કાર્યોની મનાઇ કરી છે જે ઇસ્લામી શરીઅતથી વિરૂદ્ધ હોય.

પરંતુ એ તમામ મજલીસો જે શીઆ પ્રદેશ અને શહેરોમાં થાય છે પોતાની ખામીઓ હોવા છતા અત્યારે જે કાંઇ પણ દીન છે, અખ્લાક છે, ફઝાએલ અને મકારીમે અખ્લાક છે આ તમામ આ મજલીસોની અસર છે.

ખુદાનો દીન, આસ્માની કાનુનો, પવિત્ર શીઆ મઝહબ જે હઝરત અલી(અ.સ.)ની પૈરવી કરે છે અને ઉલીલ અમ્રની ઇતાઅત કરે છે આ બધુ જ એ પવિત્ર મજલીસોની અસર છે જેનુ નામ અઝાદારી છે. તેનુ કામ ખુદાના દીનને ફેલાવવુ અને ઇલાહી એહકામને બયાન કરવુ છે. આ મજલીસો આજ સુધી બાકી છે અને ભવિષ્યમાં પણ બાકી રેહશે. અગર આ મજલીસો ન હોત તો બીજી કૌમોના મામલામાં જે શીઆ ખુબ જ અલ્પ સંખ્યામાં છે, અગર આ અઝાદારીની બુનિયાદ ન હોત તો અત્યારે હકીકી દીન એટલે કે શીઆ મઝહબનુ નામો નિશાન મટી ગયુ હોત. એ બાતિલ જેની બુનિયાદ સકીફાએ બની સાએદાહમાં રાખવામાં આવી હતી, જેનો હેતુ દીનની બુનિયાદોને તોડી નાખવાનો હતો તેણે હકની જગ્યા લઇ લીધી હોત.

ખુદાવંદે આલમે જયારે જોયુ કે ઇસ્લામની શરૂઆતના મૌકા પરસ્ત લોકો દીનની બુનિયાદોને હલબલાવી નાખવા ચાહે છે, અમુક લોકો સિવાય બીજુ કોઇ બાકી નથી. તો તેણે ઇમામ હુસૈન(અ.સ.)ને કયામ કરવાનો હુકમ આપ્યો. તેમણે કુરબાની અને ફિદાકારી થકી કૌમને જાગૃત કરી દીધી. તેણે તેમના અઝાદારોના માટે મહાન સવાબ મુકર્રર કર્યો, જેથી આ અઝાદારી લોકોને બેદાર રાખે અને કરબલા જીવંત રહે કે જેનો હેતુ ઝુલ્મની બુનિયાદોને હલબલાવી નાખવાનો હતો અને લોકોન તૌહીદ અને અદ્લની ભૂલાવી દેવામાં આવેલી હકીકતોની તરફ બોલાવવાનો હતો.

આથી જરૂરી છે એ અઝાદારી જેની બુનિયાદો આ હકાએક અને મકસદો પર આધારિત હોય અને આ અઝાદારીનો એટલો બધો સવાબ નક્કી કરવામાં આવે જેથી લોકો તમામ સખ્તીઓ અને મુશ્કેલીઓ હોવા છતા અઝાદારીને છોડે નહી. યકીન જાણજો કે અગર આ અઝાદારી ન હોત તો ઇમામ હુસૈન(અ.સ.)ની કુરબાની એકદમ ઝડપથી ભૂલાવી દેવામાં આવત. ઇમામ હુસૈન(અ.સ.)ની મેહનતો અને ફિદાકારીઓની સાથો સાથ પૈગમ્બરે ઇસ્લામ(સ.)ની ઝેહમતો અને કુરબાનીઓ પામાલ થઇ જાત. ખાસ કરીને એ તામમ કોશિશો જે આં હઝરત(સ.અ.વ.)એ શીય્યતની મજબુતાઇ માટે કરી હતી તે બધી ખત્મ થઇ જાત.

અને અગર માની લેવામાં આવે કે ખુદાવંદે આલમ ફાયદાના પ્રમાણમાં સવાબ અને બદલો આપે છે, તો અઝાદારીનો ફાયદો દીને હક અને શીય્યતના મૂળનુ બાકી રેહવુ છે. દુનિયા અને આખેરતની તમામ ખુશ નસીબીઓ તેનાથી જોડાયેલી છે.

અગાઉના સમયમાં શીય્યતની જે હાલત હતી અને જે રીતે હઝરત અલી બીન અબી તાલિબ(અ.સ.)ના વિરોધીઓ તરફથી જબરદસ્ત દબાવ હતો. આ અઝાદારીએ શીય્યતને બાકી રાખી છે. આથી આ અઝાદારીનો ફાયદો આપણી કલ્પનાની બહાર છે.

આથી ખુદાવંદે આલમે અઝાદારીના માટે એ સવાબ નિશ્ચિત કર્યો છે એ બદલો નક્કી કર્યો છે જેને ન કોઇ આંખએ જોયો છે અને ન કોઇ કાને સાંભળ્યો છે. આ બધુ ઇલાહી અદ્લનો તકાઝો છે.

(કશ્ફુલ અસ્રાર, પાનાઃ ૧૭૩-૧૭૪)

અગર આપણે દીને હકની બકાઅ અને શીય્યતની મજબુતાઇ જોવા ચાહીએ છીએ તો હાલની જે અઝાદારી છે તેને ફેલાવે.

---ooo---

# ઈમામ હુસૈન(અ.સ.)ના કાતિલોના અઝાબમાં મોડુ થવું

ઈન્સાન સમયની હેઠળ ચાલી રહ્યો છે અને સમય ખુદાવંદે આલમ જે કાદિરે મુત્લક છે તેની કુદરતની નીચે અને તાબે છે. તે ચાહે તો સમય અટકી જાય, તે ચાહે તો સમયની ઝડપ વધી જાય, તે ચાહે તો સમયનો પાલવ સાંકડો થઇ જાય, તે ચાહે તો સમયનો પાલવ વિશાળ થઇ જાય. રાત દિવસના બનાવો ઉપર નજર નાખીએ અને જમીનના વિવિધ પ્રદેશો પર નજર નાખીએ તો આજનું વિજ્ઞાન કે જેણે અંતરને નીચોવી નાખ્યા છે તે નજરની સામે આવી જાય છે. જ્યાં મહીનાઓ સુધી રાતનું અંધારૂ ઉભરાઇ ઉભરાઇને છવાય જાય છે અને જ્યાં આ પ્રદેશોને અંધકારમાં નાખી દીધા છે, ત્યાં પ્રકાશના માટે સાધનો પણ ઉપલબ્ધ રાખ્યા છે. જ્યાં ઈન્સાન પોતાની જીંદગી પસાર કરે છે. મોડુ થવુ અને વેહલા થવુ ઈન્સાનની ફિતરતના તકાઝાઓનું નામ છે. ગાલિબે સાચુ કહ્યું છે.

*કાવે કાવે સખ્ત જાની હાયે તન્હાઈ ન પુછ*
*સુબ્હ કરના શામ કા લાના હૈ જુએ શેર કા*

વ્યક્તિગત જીંદગીમાં સમયની તાસીર! જ્યાં સુધી ઈન્સાનની સમજણની આંખો નથી ખુલતી તે જાણતો નથી કે સવાર શું છે સાંજ શું છે? રાત શું છે? સુતો-જાગ્યો રમ્યો અને જોત જોતામાં સમય એ રીતે પસાર થયો કે કોઇએ ક્યારેય એમ પણ ન કહ્યું કે આ બાળક જે નાનુ હતું બચપણમાં હતું આજે એટલુ મોટુ થઇ ગયુ કે આપણે તેના વિકાસને જોતા રહ્યા. પરંતુ એ મેહસુસ પણ ન કરી શક્યા કે કેવી રીતે તે ધીમે ધીમે આટલો બધો મોટો થઇ ગયો. સમયે તેને જવાન કરી દીધો. પછી જીંદગીની શમ્આ ધીમે ધીમે પીગળતી ગઇ અને જવાની વૃધ્ધાવસ્થાના વર્તુળમાં આવી ગઇ. હવે ન તો એ જવાનીના શોખ છે ન ઉમંગ અને ન તો તરંગ. ન સુંદરતાનો ખ્યાલ છે અને ન તો સુંદર પોષાકનો ખ્યાલ છે. પછી જેમ જેમ દિવસો પસાર થતા ગયા હડ્ડીઓનો રસ સુકાવા લાગ્યો. ઉઠતા-બેસતા કમઝોરી આખેરતનો એહસાસ દેવા લાગી. એશો આરામ બધા પોત પોતાનો સામાન બાંધવા લાગ્યા. જાફરઅલી અસરના કેહવા પ્રમાણેઃ

*અબ કહાં વો દિલ કહાં લુત્ફે બહારે ઝિંદગી*
*દાગે હિજરાં બન ગયે લલ્લો નહારે ઝિંદગી*

સવાબ અને સજાના નાઝિલ થવાની ઉમ્મીદની રોશનીમાં ઈન્સાન વેહલા થવું અને મોડા થવા પર ક્યારેક સબ્ર અને ક્યારેક બેસબ્રીથી ત્યાં પહોંચવાનો અંદાજો લગાવે છે અને તેને રાત દિવસના માપથી માપે છે. પરંતુ ઓછો વિચાર કરે છે કે આ જ રાત દિવસના માપથી માપવાવાળો તે દિવસ કે જે પોતાના અમલના વર્તુળમાં મજબુતાઇ રાખે છે, એ જ રાત જે પોતાના પસાર થવાના નિશ્ચિત વર્તુળથી બહાર નથી. મુશ્કેલીઓમાં દિવસ લાંબા થઇ જાય છે. રાત્રિઓ કોઇ પણ રીતે પસાર નથી થતી. આ ખુદાની કુદરતની એ નિશાનીઓ છે જે ઈન્સાની ફિતરતના ઉંડાણમાંથી અવાજ આપી રહી છે. અય ઈન્સાન તું અલ્લાહની મસ્લેહતને પોતાના અજાણ્યા એહસાસના ત્રાજવા પર રાખીને તોળી જો આ એ જ રાત અને દિવસ છે જે મુશ્કેલીઓમાં લાંબા થઇ જાય છે અને એશોઆરામમાં પળવારમાં પસાર થઇ જાય છે. કેટલુ સરસ ન સમય અટક્યો, ન તેની ઝડપમાં કાંઇ કમી આવી. આ બધુ ઈન્સાનની સોચ વિચારની હેઠળ દિલને સમજાવવા અને સંબોધન કરવા માટે છે.

## અલ્લાહની મસ્લેહતઃ

અલ્લાહની મસ્લેહતના વિશે મખ્લુકની શું મજાલ કે તે તેની મસ્લેહતને પોતાની ટૂંકી અક્લમાં દાખલ કરી શકે અથવા સમજી શકે. એ જાએઝ જ નથી કે મસ્લેહતમાં કોઇ કોઇ વાતચીતની હિંમત કરે અને જેણે પણ પોતાની અક્લને દોડાવી તે મોઢાભેર પડ્યો.

સમયના પસાર થઇ જવા પછી અંજામ સુધી ન પહોંચવાનું નામ તાખીર છે અને ઇચ્છા મુજબ સમયથી અગાઉ કોઇ કામના અંજામને જોઇ લેવાનું નામ તાઅજીલ છે.

## ઈમામ હુસૈન(અ.સ.)ની શહાદતઃ

આ જ તાઅજીલ અને તાખીર જેનાથી ઈમામ હુસૈન

(અ.સ.)ની શહાદતમાં શામિલ પોતાના ઝુલ્મની પરાકાષ્ટા પર ગર્વ કરવાવાળાઓ પર ખુદા કે જેની બારગાહથી અદાલત સિવાય કોઇ પાંદડુ પણ હલતુ નથી, હજી સુધી આટલો સમય પસાર થઇ ગયા બાદ પણ છાતી ફુલાવીને નેહરવાની ચેહરો લઇને આઝાદ ફરી રહ્યા છે અને ઇલાહી અઝાબના ગૈબી પકડથી આઝાદ છે. આખરે આ તાખીર શા માટે? ચાહવાવાળાઓની ફરિયાદમાં જુદી જુદી આવાઝો સંભળાય છે. જેમકે મૌલા ક્યાં સુધી રોઇએ. એ સાચુ છે કે અમને રોવા માટે જ પૈદા કરવામાં આવ્યા છે પરંતુ આંસુનું દરેક ટીપુ કોઇ ઇન્તેકામને અવાજ આપી રહ્યું છે.

## કરબલાનો બનાવઃ

નયનવાના મૈદાનમાં જ્યા નાની નાની ટેકરીઓ હતી એક કાફલો ઉતર્યો. ખૈમાં નાખવામાં આવ્યા. બીજી મોહર્રમ હિ.સ. ૬૧ ની તારીખ હતી. આ ખૈમાગાહો પ્રથમ ફુરાતના કિનારે હતા. હુરના લશ્કરે હુરની સરદારી નીચે આ ખૈમાઓ હટાવી દીધા અને ફુરાત નદી પર પેહરો બેસાડી દીધો. કરબલાથી થોડે દૂર ફુરાત નદી વહી રહી હતી. ટૂંકમાં એક જલક આ જંગ અથવા આ મહાન હાદસાથી જેના બનવા પછી તેની કોઇ મિસાલ ન તો અગાઉના જમાનામાં થઇ છે અને ન તો કયામત સુધી બનવા પામશે. કેટલુ સાચુ કહ્યું છેઃ

*અબ કરબલા ન હોગી કભી કરબલા કે બાદ*

આ વાત વિચારવાને લાયક છે કે કરબલામાં કેટલો ઇલાહી ક્રમ, ભરોસો,સ્થાપના, વ્યવસ્થા, હિદાયતની અગ્રતા, પોતાના સમયમાં મર્યાદીત ઇલાહી મરજી મુજબ અને ખુદાના હુકમ પર અમલનો એવો નકશો મળે છે જેની દરેક પળમાંથી ખરી હકીકતની રોશનીથી હક્ક તલાશ કરવાવાળાને સેરાતે મુસ્તકીમ પર ચાલવાની તવફીક મળે છે. કરબલાવાળાઓની સામે ઓછામાં ઓછી સંખ્યા ૩૦,૦૦૦ થી વધારે બતાવવામાં આવી છે. યાદ રહે કે હુરની લશ્કરી ટૂકડીએ ઇમામ હુસૈન (અ.સ.)નો રસ્તો રોક્યો હતો અને હૈદરે કર્રારની શુજાઅતના વારિસના જલાલની તલવાર નિયામમાંથી બહાર આવી ચુકી હતી અને ઇમામ(અ.સ.)ના હુકમથી સબ્રના પર્દામાં ચાલી ગઇ અગર... અગર એ જ સમયે ફેંસલો થઇ જાત પરંતુ એવુ ન થયુ. હુસૈની સબ્રએ તાખીર અને મોહલત માટે પગલુ ભર્યુ એટલા માટે કે અગર એવુ થાત તો હુરને આશુરની સવાર નસીબ ન થાત. વહબે કલ્બી અને હબીબ ઇબ્ને મઝાહીરની ઝિયારતગાહ અર્શે ઇલાહીની તરફ ઇશારો કરતી ખુદાની ઓળખાણ અને જંગમાં હિંમત અને શુજાઅતનો દેખાવ ન આપતી. હઝરત અલી અસ્ગરથી લઇને અબ્બાસે અલમદારના કિરદારનું પાસુ અને રીત કલમ બદ્ધ ન હોત. વહબે કલબી અને મુસ્લિમ બીન અવસજાના નાના બચ્ચાઓથી લઇને જવાન અને બુઢામાં હોંસલાવાળા લડાયકોનો ઉલ્લેખ ક્યારેય ન મળત અને અંતમાં હક્કના જાણકારોની કુરબાનીઓથી પૂર્વના ચિંતક (અલ્લામા ઇકબાલ) આમ ન કહેત

*નકશે લા ઇલાહ બર સહરા નવીશ્ત*
*સતરે ઉનવાન નજાતે મા નવીશ્ત*

અગર ૧૪૦૦ વરસ પછી એ પૂર્વના શાયર કે જેને ઇરાનમાં ઇકબાલે હિન્દી કહેવાય છે. પોતાના સકીફાઇ સંસ્કૃત્તિના માહોલથી બુલંદ થઇને હકીકત અને હક્કાનીય્યતની હકની અવાજ આમ કહીને બુલંદ ન કરતે.

*રમ્ઝે કુર્આન અઝ હુસૈન આમુખ્તીમ*
*શોલાહા અઝ આતિશશ અન્દુખ્તીમ*

એ સાચુ છે કે ઇલાહી અઝાબમાં અગર તાખીર છે તો તાખીરનું કારણ પણ ચોખ્ખા દિલમાં આવી જાય છે.

ચૌદસો વરસના સમયગાળાએ અક્કલમંદ અને બુદ્ધિશાળી લોકો, હકની તલાશ કરનારા લોકો, સાચી સમજણ અને ફિક્રના વિશાળ ક્ષિતિજથી કરબલાવાળાઓની શહાદતને સમજવાથી વંચિત રહી જાતે અને ખુદાવંદે આલમની બારગાહમાં જ્યારે રાજેઉનના મિસ્દાક બનીને હાજર થતે તો હોઠો પર શિકાયત આવતે. એટલા માટે સમયના પગોમાં કરબલાના બનાવથી છાલા પડતા ગયા. પરંતુ સમય પસાર થતો ગયો, જેથી અલ્લાહ તબારક વ તઆલા જેની સરપરસ્તી કરે છે, તેને અંધકારથી નૂર તરફ લઇ આવે છે. આથી ઇમામ હુસૈન (અ.સ.)ના કાતિલો અને તેના પર રાજી થવાવાળા પર અઝાબમાં મોડુ થયું અને પેઢી દર પેઢી મોહલત મેળવતા ગયા અને અઝાબ તેઓના માથા પર ફરતો રહ્યો.

લેખક જુએ છે કે એહલે હરમના દુશ્મનો પર અઝાબનું તાખીર આજે પણ તેઓના અભિમાની સ્વભાવને દિમાગમાં ભરેલ છે. આજે પણ બેરેહમી એવી કે જેના વર્ણનથી શાહીના બદલે કલમ એ નિર્દયતા પર ખુન વહાવવા લાગે. આ કઇ

શબ્દોની ભરમાળ નથી પરંતુ હકીકત છે. શું શહાદતે ઇમામ હુસૈન(અ.સ.) પછી બે પહોર બાદ અંધારૂ નહોતુ છવાઇ ગયું? જમીન પરથી પત્થર ઉપાડો તો ખુન નહોતુ નીકળતુ? આસમાન ખુનના આંસુ રોયુ, ફુરાતનું પાણી નેઝાઓની ઉંચાઇ સુધી ઉછળવા લાગ્યું. કયામતની નિશાનીઓ હતી. ફક્ત આ તો નિશાનીઓ હતી કયામતની, પરંતુ કયામત કેમ રોકાઇ ગઇ? કયામત કેમ બરપા ન થઇ? આ માલેકે યવ્મીદ્દીનની આપવામાં આવેલી મોહલત પર આધારિત છે. જે સમયના ખાલિકે વક્તે માઅલુમ સુધી મુલતવી કરી દીધી. રિવાયતમાં છે કે જેટલા લોકો ખુને નાહકમાં શરીક હતા તેઓ ત્રણ વરસની અંદર જહન્નમ વાસિલ થઇ ગયા. આપે અબ્દુલ્લાહ ઇબ્ને હુર જોઅફીને સફરમાં જ્યારે આપ હતા તો કહી દીધુ હતુ કે તુ એટલો દૂર ચાલ્યો જા કે મારી આવાઝે ઇસ્તેગાસા તારા કાન સુધી ન પહોંચે નહિતર યાદ રહે કે જે મારી આવાઝે ઇસ્તેગાસાને સાંભળશે અને મારી તરફ નુસ્રત માટે હરકત નહી કરે તે ફક્ત ત્રણ વરસ પોતાની જીંદગીના વીતાવશે પછી તેના માટે હલાકત જરૂરી છે. એટલે કે તેના પર અઝાબની પકડ નિશ્ચીત છે. (અહીં પણ ત્રણ વરસની મુદ્દત વિચાર કરવાને લાયક છે. આ આકાની રહેમનો એક પેહલુ છે) એક રિવાયત મારી નજરોથી પસાર થઇ છે. એક શખ્સ એહલેબૈત (અ.મુ.સ.)ના એક ચાહવાવાળા અને ઇમામ હુસૈન (અ.સ.)ના આશિકના ઘરે મેહમાન થયો. રાત આવી. મેઝબાનને સંબોધીને કહ્યું: સાંભળ્યુ છે કે હુસૈન ઇબ્ને અલી(અ.સ.)એ કહ્યું હતુ જે મારા કાતિલો નથી પરંતુ મારી આવાઝે ઇસ્તેગાસા સાંભળશે અને મારી મદદ માટે આગળ નહી વધે તે ત્રણ વરસમાં હલાક થઇ જશે. મેં તો અવાજ સાંભળી હતી. હું તો યઝીદના લશ્કરમાં કરબલામાં હાજર હતો. હુસૈનની વિરૂદ્ધ જંગ કરી. ત્રણ વરસ પુરા થવા આવ્યા છે. કદાચ એક અથવા બે દિવસ બાકી હશે પરંતુ મારી પર હુસૈન ઇબ્ને અલી(અ.સ.)ની વાત સાચી ઠેહરી નથી. સુવાના સમયે તે દિવા પાસે તેને બુજાવવા માટે ગયો. દિવાની જ્યોતે પ્રથમ તેની દાઢીને બાળી નાખી. ત્યાર બાદ તે મલઉન બળીને અઝાબની મંઝિલે પહોંચી ગયો. મેઝબાને કહ્યું: ''મારા મૌલા હુસૈન કેટલા સાચુ કેહવાવાળા છે!''

સવાલ એ પૈદા થાય છે કે આખરે કરબલાના બનાવ બાદ એક એવો અઝાબ કેમ ન આવ્યો જે પૂર્વથી લઇને પશ્ચિમ સુધી તમામ દુશ્મનાને હુસૈન(અ.સ.) પર નાઝિલ થાત અને ઝાલિમો પોતાના પર અઝાબના લીધે નીસ્તો નાબુદ થઇ જાય અથવા પોતાના અઝાબ થયેલા ચેહરાઓ સાથે દેખાઇ દેત. એટલા માટે કે રિવાયતમાં છે કે ''મસ્ખના અઝાબથી પણ ઘણો બધો વધારે છે.''

અત્યાર સુધીમાં તેના મિસ્દાક પણ ઘણા ઓછા મળે છે. કદાચ તેનું કારણ એ હોય કે ઇમામ હુસૈન(અ.સ.)એ પોતાની ઇસ્તેગાસાની અવાજની શર્ત રાખી હતી અને તેના માટે ત્રણ વરસની મુદ્દત પણ આપી હતી. એ ઇમામે રેહમતના નવાસા જેના પર યા અય્યત્તોહન્નફસુલ મુત્મઇન્નાથી સંબોધન કરીને અલ્લાહ તરફથી ઇરજેઇનો અમ્રે ઇર્શાદી પ્રથમથી સાદીર થઇ ચુક્યો હતો. તેણે આ ખાકની જમીનને મોહલત અને મોટી મોહલત આપી દીધી છે. આમ જુઓ તો અલ્લાહે ફિરઔન અને કારૂનને હલાક કરી દીધા પરંતુ આજ સુધી શૈતાનને જીવંત રાખ્યો. અઝાબમાં તાખીર થવી એ અઝાબમાં તીવ્રતાની નિશાની છે.

## મોહલત અને અઝાબ:

મોહલતઃ જ્યારે મોહલતનો શબ્દ ફિક્રના વમળમાંથી ઉભરાઇને દિમાગમાં આવે છે તો કોઇ પણ ઇન્સાન એવો નથી જે પોતાના આમાલ અને કાર્યો, ચારિત્ર્ય, ગુનાહો અને પોતાની રીતભાતનો હિસાબ કરવા તરફ ધ્યાન નથી આપતો. એ અલગ વાત છે કે તેની આંખો પર ગફલતના પર્દા પડી જાય અને તે આ મોહલતની સફરમાં ઠહેરીને ગૌરો ફિક્ર કરવા અને સુધારણા કરવા, ઇસ્તિગ્ફાર અને તૌબાથી કામ લેવા અને પરહેઝગારી અપનાવવી અથવા પોતાની સંપૂર્ણ કોશિશો પરહેઝગારી તરફ રાખવાને બદલે કહી રહ્યો છે કે એ લોકો ઉપર હજી સુધી અઝાબ નાઝિલ કેમ નથી થયો. આજે પણ ઝુલ્મો સિતમની તરફેણ કરવાવાળા બદતરીન લોકો અને એવા બદબખ્ત કે જેનું વર્ણન કરવુ અશક્ય છે, તેઓ અઝાબની પકડથી બિલકુલ આઝાદ છાતી ફુલાવીને ફરી રહ્યા છે. બલ્કે વધારે સંખ્યામાં પણ છે અને તમામ બાતિલ તબ્લીગો જે આજના ઝમાનામાં પ્રચલિત છે તેના પર કબજો કરેલ છે. મસ્જીદોમાં મોહીબ્બાને હુસૈન(અ.સ.) ફરિયાદ અને બુકાની સાથે કહી રહ્યા છે ''મૌલા ક્યા સુધી ગિર્યા કરીશુ. મૌલા મારા મૌલા આપ ખુને હુસૈનનો બદલો લેવાવાળા છો. એવું ક્યારે થશે કે આપ વીણી વીણીને બદલો લેશો. આ રોકકળવાળા કમઝોર કરી દેવામાં આવેલ શીઆને અલી(અ.સ.) અને

હુસૈન (અ.સ.)ના ચાહવાવાળા દુનિયાના દરેક ખુણામાં કત્લ કરવામાં આવી રહ્યા છે. પરંતુ આ શીઆ ન તો દુઆએ માદરે હુસૈનથી અને ન તો ઇન્તેકામે ખુને હુસૈનથી એક પળ માટે પણ માયુસ છે.

## ઇમામ હુસૈન(અ.સ.)ના કાતિલો પર અઝાબે ઇલાહીનું તાખીર થવુ એક મોહલત છે:

પ્રથમ કારણ જે સમજમાં આવે છે તે એક એવી મોહલત છે જેનો હિસાબ ઇમામ હુસૈન(અ.સ.)ના દરેક ચાહવાવાળાએ કરવો જોઇએ. કયાંક એવુ તો નથી કે ખુદ પોતાની કૌમમાં બેપર્દગી, બેશરમી અને તેના પર કારણ વગરની તાવીલોની ચર્ચા તો નથી આવી ગઇ? કયાંક એવુ તો નથી કે ગીબત, ઇબાદતમાં બેદરકારી અથવા ઇબાદતમાં ધ્યાન ન હોવુ. ખાનદાનમાં ચારિત્ર્ય ઘડતરમાં નેકીનો હુકમ અને બુરાઇથી રોકવાનું ખતમ તો નથી થઇ ગયું? યાદ રહે જેમ જેમ ઝમાનો તરક્કીના નામ પર ઇન્સાનીય્યત જેવી શૈતાનીયત સુંદર લિબાસ પહેરીને વ્યક્તિ અને સમાજના કિરદારમાં કીડીની જેમ રેહવા તો નથી લાગી? ઇન્સાન ખતમ થઇ રહ્યો છે. ઉઘાડા પણુ અને હેવાનીયત, આ જ ઇમ્તેહાનનો દૌર છે. દસ દિવસની અઝાદારી દર્સગાહ છે, જે સારા અંત તરફ દાવત આપે છે અને અઝાબની મોહલતને પોતાને માટે પણ સાવચેત થઇ જવા માટે હકતઆલા તરફથી તવફીક અને મહાન નેઅમત હાસિલ કરવી તે જ મકસદે અઝાદારી છે. બીજુ કારણ એ છે જેને ચાહવાવાળાએ ઇમામથી પુછયુ. આપે તેના દિલની તસ્કીન માટે અને ઝહેનની તસલ્લી માટે બયાન ફરમાવ્યું છે.

## ઇમામ(અ.સ.)નો જવાબ:

ઇબ્ને બાબવય્હ ભરોસાપાત્ર સનદોથી ફરમાવે છે કે એક દિવસ અબુ સલ્તે ઇમામ રેઝા(અ.સ.)ને સવાલ કર્યો કે રિવાયતમાં છે કે એક શખ્સે ઇમામ સાદિક(અ.સ.)ને પુછ્યુ: ઇમામ હુસૈન(અ.સ.)ના કાતિલો પર ઇલાહી અઝાબ ઇન્તેકામના સ્વરૂપમાં ઇમામ(અ.સ.)ના ઝુહુરના સમયે નાઝિલ થશે અને ઇમામ હુસૈન(અ.સ.)ના કાતિલોના ફરઝંદોથી ઇમામ મહદી(અ.સ.) ઇન્તેકામ લેશે. ઇમામ અલીરેઝા(અ.સ.)એ તેની તસ્દીક કરી અને કહ્યું એવુ જ થશે. અબુ સલ્ત હરવીએ ફરીથી સવાલ કર્યો: મૌલા ઇમામ હુસૈન(અ.સ.)ના કાતિલોની નસ્લના લોકોમાંથી એ સમયે જેના પર અઝાબ થશે અથવા કત્લ થશે તેઓનો ગુનાહ શું હશે કે જેના કારણે તેના પર અઝાબ થશે. ઇમામ(અ.સ.)એ ઇર્શાદ ફરમાવ્યું: હકતઆલાના ઇન્સાફનો તકાઝો એ છે કે અગર કોઇ ઝાલિમ કોઇ મઝલુમને પૂર્વમાં કત્લ કરે અને કોઇ શખ્સ પશ્ચિમમાં તેના આ ઝુલ્મ પર રાજી થાય તો તેના માટે પણ એ જ સજા છે જે અસ્લ કાતિલ માટે હોય. એનો મતલબ એમ કે ફાસલો ઝમીનનો હોય કે ઝમાનાનો, સજા જેવી રીતે ઝાલિમ માટે છે તેવી જ રીતે તેના માટે પણ છે જે તેના પર રાજી થયો હોય.

ઇમામ સજ્જાદ(અ.સ.)એ આ બારામાં એક વખત ફરમાવ્યું હતુ કે બની ઇસ્રાઇલના માટે ખુદાવંદે આલમે શનિવારના દિવસે માછલીનો શિકાર કરવાની મનાઇ ફરમાવી અને બની ઇસ્રાઇલના એક સમૂહે અલ્લાહ તઆલાના હુકમની નાફરમાની કરી જેના લીધે તેના પર અઝાબ નાઝિલ થયો અને ત્યાર પછી જે પણ શનિવારના દિવસે માછલીનો શિકાર કરતો ભલે પછી તે કોઇ પણ હોય તેના પર પણ ઇલાહી અઝાબ નાઝિલ થશે.

પછી એવુ કેમ થઇ શકે કે એક સમૂહ રસુલે ખુદા (સ.અ.વ.)ની અવલાદને કત્લ કરે અને આં હઝરત (સ.અ.વ.)ની બેહુરમતી કરે જો કે તે આ દુનિયામાં અગર અઝાબે ઇલાહીથી મોહલત પામેલા છે તો તેનો મતલબ એમ નથી કે આખેરતમાં તેના માટે અઝાબ તય્યાર કરેલ નહી હોય. અગર મસ્ખ થઇ જવું છે તો આખેરતમાં પણ તે મસ્ખ થશે. જે આપના કત્લને સાંભળીને રાજી થશે અને ઇમામ(અ.સ.)ના ઝુહુરમાં જીવતા હશે તેને ઝુલ્ફીકારના માલિક કત્લ કરશે. એ જ મજલીસમાં (બેઠકમાં) એક શખ્સે ઇમામ(અ.સ.)ને પુછ્યું: અગર શનિવારના દિવસે માછલીનો શિકાર અઝાબનું કારણ છે તો ખુદા એહલેબૈત(અ.મુ.સ.)ના દુશ્મનો અને ઇમામ હુસૈન(અ.સ.) ના કાતિલો જે આનાથી કેટલાય વધારે ગુનેહગાર છે, તેઓના ચેહરાને શા માટે મસ્ખ નથી કરી દેતો. (આ પ્રકારના સવાલો વિરોધીઓ તરફથી પણ કરવામાં આવે છે) ઇમામ(અ.સ.)એ તેના જવાબમાં ફરમાવ્યું: ઘણા બધા એવા છે જેના પર અલ્લાહે અઝાબ મોકલ્યો પરંતુ શયતાન પર અઝાબ નથી મોકલ્યો અને તેને મોહલત આપી અને ખુદાની હિકમત અને મસ્લેહત ઉપર કાંઇ બોલવુ જાએઝ નથી. ઘણા બધા એવા છે જેમણે દુનિયામાં ઓછા ગુનાહ કર્યા છે અને

ઘણા બધા એવા છે જેમણે ગુનાહ કરવામાં આગળ વધી ગયા છે, તેઓ તમામ માટે કયામતમાં બહુ જ સખ્ત અઝાબની મંઝિલ છે.

ઇબ્ને કુલવય્હ ભરોસાપાત્ર સનદથી રિવાયત વર્ણવે છે કે ઇમામ મોહમ્મદ બાકિર(અ.સ.)એ ઇર્શાદ ફરમાવ્યુંઃ ખુદાની કસમ! ઇમામ હુસૈન(અ.સ.)ના ઘણા બધા કાતિલો કત્લ થઇ ચુક્યા છે પરંતુ ઇમામ હુસૈન(અ.સ.)ના ખુનની ફરિયાદ ઓછી નથી થઇ. રજઅત અને કયામતમાં જ્યારે બધાને કત્લ કરવામાં આવશે ત્યારે ઇમામ હુસૈન (અ.સ.)ના ખુનના ઇન્તેકામની તલબ શાંત થશે. આ અનુસંધાનમાં આપે ઇર્શાદ ફરમાવ્યું કે મારા જદ્દ રસુલે ખુદા (સ.અ.વ.) પર હકતઆલાએ વહીના ઝરીએ ઇર્શાદ ફરમાવ્યુંઃ મેં જ્યારે જનાબે યહ્યા(અ.સ.)ના ખુનનો બદલો લીધો તો ૭૦,૦૦૦ લોકોને કત્લ કરીને બદલો લીધો અને હુસૈન(અ.સ.)ના ખુનનો બદલો લેવા માટે પણ ૭૦,૦૦૦ લોકોને તલવારની નીચે લાવીશ.

ઇમામ જાફરે સાદિક(અ.સ.)એ ઇર્શાદ ફરમાવ્યુંઃ ૧૦૦૦૦૦ કાતેલાને હુસૈન કત્લ થઇ ચુક્યા છે પરંતુ ઇમામ હુસૈન(અ.સ.)નું ખુન હજી સુધી શાંત નથી થયું.

ઇમામ સજ્જાદ(અ.સ.) ઇર્શાદ ફરમાવે છેઃ ખુદાની કસમ જ્યારે મારા પિતા કોઇ મંઝિલ પર એવુ નથી થયુ કે ત્યાં કયામ કરતી વખતે અને ત્યાંથી રવાના થતી વખતે જનાબે યહ્યા(અ.સ.)ને યાદ ન કર્યા હોય. આપે ફરમાવ્યું કે એક માસુમ નબીને કત્લ કર્યા. એક ઝીનાકાર અને બદકાર ઔરતને હઝરત યહ્યા(અ.સ.)નું સર પેશ કરવામાં આવ્યું, તો ખુદાએ ૭૦,૦૦૦ ખયાનતકારોનું જ્યાં સુધી લોહી વહાવી ન દીધુ જનાબે યહ્યા(અ.સ.)નું ખુન શાંત ન થયુ. ખુદાની કસમ તેનાથી સો ગણુ મારૂ ખુન પણ ત્યાં સુધી શાંત નહી થાય જ્યાં સુધી મુનાફીકો, ખયાનતકાર અને મારા કત્લ પર રાજી થવાવાળા જે કોઇ પણ છે જ્યાં પણ હોય ૭૦,૦૦૦ લોકોનું ખુન ન વહે, મારૂ ખુન શાંત નહી થાય. ખુદાની કસમ મારૂ ખુન શાંત નહી થાય ત્યાં સુધી કે મારો ફરઝંદ ઇમામ મહદી એ આખેરૂઝ્ઝમાન ઝુહુર કરશે અને ૭૦,૦૦૦ મુનાફીકોને કત્લ કરશે.

ઇમામ હુસૈન(અ.સ.)ના કાતિલોમાં એ પણ શરીક છે જે આપ(અ.સ.)ના ખુન (જેને સારલ્લાહ કહે છે) વહાવવા પર રાજી થયા તેના પર અઝાબ નાઝિલ થયો છે અને થાય છે તે તો એક પ્રસ્તાવના છે. એક મોટો અઝાબ ત્યારે ઝાહીર થશે જ્યારે ઇમામે ઝમાના ઝાહીર થશે. કારણ કે ઇમામે ઝમાના ઇમામ હુસૈન(અ.સ.)ના ખુનનો બદલો લેવાવાળા છે. જે રજઅતથી બચી જશે કયામતના દિવસે તેનો જે અંજામ થશે, તેની કલ્પના ઇન્સાની દિમાગથી એટલા માટે દૂર છે કે તે સમયે એ અઝાબ આવશે જેની કુદરત અને જેનું વર્ચસ્વ અમર્યાદિત છે.

લેખકના સલામ થાય એ મા ઓ પર જેનું પવિત્ર દૂધ લોહી બનીને શહે મઝલુમના માતમીઓની નસોમાં દોડી રહ્યુ છે અને તેઓ ઇમામ હુસૈન(અ.સ.)ના કાતિલો પર ઇલાહી અઝાબની તાખીરના લીધે બેચેન છે. એવા બેચેન કે તેમના દિલોની રગો તુટે છે અને આંસુ બનીને આંખોમાંથી જાહેર થાય છે. એમ છતા દરેક આંખ ઇમામ(અ.સ.)ના ઝુહુર માટે ઇન્તેઝાર કરી રહી છે. ક્યારે આપનો ઝુહુર થશે. ક્યારે આપ ઇમામ હુસૈન(અ.સ.)ના ખુનનો બદલો લેશે.

અજ્જીલ અલા ઝહુરેક. આમીન.

---ooo---

**અનુસંધાન પાના નં. ૧૮ થી શરૂ ...**

**અસ્સલામો અલલ્ મદ્ફુનીન બેલા અકફાન. અસ્સલામો અલર્ રોઉસીલ્ મોફર્રેકતે અનીલ્ અબ્દાન**

***સલામ થાય એમના પર જેમને કફન વગર દફનાવવા પડ્યા. સલામ થાય એ સરો પર જેમને શરીરોથી જુદા કરી દેવામાં આવ્યા***

હાયે શોહદાએ કરબલા! હાયે આલે રસુલ! એ રસુલ કે જેમણે દુનિયાને કફન અને દફનના આદાબ શીખવ્યા, આજે તેમની ઔલાદને કફન વગર દફન કરવામાં આવે છે. આ ઉમ્મતે આલે રસુલના સરોને તેમના શરીરથી જુદા કર્યા. ઉમ્મતે અજ્રે રિસાલત કેવો આપ્યો!

***અલ્લાહુમ્મલ્ અન્ કતલતલ્ હુસૈને વ અવ્લાદેહી વ અસ્હાબેહી***

(બાકી આવતા અંકે ઇન્શાલ્લાહ)

---ooo---

# ઝિયારતે નાહિયાની સમજુતી

(અલ-મુન્તઝર મોહર્રમુલ હરામ ખાસ અંક હિ.સ. ૧૪૩૫ અગાઉના અંકોથી શરૂ)

**અસ્સલામો અલા અખીહીલ્ મસ્મુમે**

*સલામ થાય તેમના એ ભાઈ ઉપર જેમને ઝહેર આપીને શહીદ કરવામાં આવ્યા*

ઝિયારતે નાહિયાના આ જુમ્લામાં ઇમામ હુસૈન(અ.સ.) ના ભાઇ, જન્નતના જવાનોના સરદાર ઇમામ હસને મુજતબા (અ.સ.) પર સલામ મોકલવામાં આવ્યા છે. જેઓને ખુદ તેમની પત્નિ મલઉના જોઅદાહ બિન્તે અશઅસએ મોઆવીયા ઇબ્ને અબી સુફયાન (લાઅનતુલ્લાહ)ના કેહવા ઉપર ઝહેર આપીને શહીદ કરી દીધા. મસ્મુમ શબ્દ સમ્મ (ઝહેર)થી બનેલ છે અને અરબી સર્ફના દ્રષ્ટિકોણથી ઇસ્મે મફઉલ છે એટલે કે જેને ઝહેર આપવામાં આવ્યું હોય.

*મોહમ્મદુબ્નો વહ્બાન અન્ દાઉદબ્નીલ્ હય્સમે અન્ જદ્દેહી ઇસ્હાકબ્ને બોહ્લુલીન અન્ અબીહે બોહ્લુલીબ્ને હસ્સાન અન્ તલ્હતબ્ને ઝય્દીર્ રક્કીય્યે અનીઝ્ ઝોબય્રીબ્ને અતાઇન અન્ ઓમૈરીબ્ને માનીલ્ અબ્સીય્યે અન્ જોનાદતબ્ને અબી ઓમય્યત કાલ દખલ્તો અલલ્ હસનીબ્ને અલીય્યીબ્ને અબી તાલિબ(અ.સ.) ફી મરઝેહીલ્લઝી તોવુફ્ફેય ફીહે વ બય્ન યદય્હે તસ્તુન યુક્ઝફો અલય્હીદ્ દમો વ યખ્રોજો કબેદોહુ કીત્અતન મેનસ્સમ્મીલ્લઝી અસ્કાહો મોઆવેયહ*

*જુનાદાહ ઇબ્ને અબી ઉમય્યા રિવાયત કરે છે કે હું ઇમામ હસન ઇબ્ને અલી ઇબ્ને અબી તાલિબ(અ.સ.) ની ખિદમતમાં હાજર થયો. તે સમયે આપ(અ.સ.) સખ્ત બિમાર હતા. આપની સામે એક થાળ રાખેલો હતો જેમાં ખુન ટપકી રહ્યું હતું અને આપના મોઢામાંથી આપના કલેજાના ટૂકડા બહાર નીકળતા હતા એ ઝહેરના લીધે કે જે મોઆવીયા (લાઅનતુલ્લાહ)એ આપને પીવડાવ્યું હતું.*

(કિફાયતુલ અસર, ઇબ્ને ખઝ્ઝાઝ કુમ્મી(ર.અ.))

જે લોકો ઇમામ હસને મુજતબા(અ.સ.)ની શહાદતની વિગતવાર માહિતી જાણવા ચાહે છે તેઓ બેહારૂલ અન્વાર (અરબી) ભાગ:૪૪, પાના: ૧૩૪, બાબ: ૨૨ જોઇ શકે છે.

**અસ્સલામો અલા અલીય્યીલ્ કબીર**

*સલામ થાય અલી અકબર પર*

આ વાક્યમાં ઇમામે ઝમાના (અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ) સલામ મોકલી રહ્યા છે એ શાહઝાદા ઉપર જે પૈગમ્બરની શબીહ હતા. જ્યારે અલી અકબર(અ.સ.) શહાદત પર જઇ રહ્યા હતા સય્યદુશ્શોહદાએ પોતાની આંગળીને આસ્માનની તરફ ઉંચી કરીને ફરમાવ્યું:

*અલ્લાહુમ્મશ્હદ અલા હાઓલાઇલ્ કવ્મે ફકદ્ બરઝ એલય્હીમ્ ગોલામુન અશ્બહુન્નાસે ખલ્કન વ ખોલોકન વ મન્તેકન બે રસુલેક કુન્ના એઝશતક્ના એલા નબીય્યેક નઝર્ના એલા વજ્હેહી*

*પરવરદિગાર તું આ કૌમની વિરૂદ્ધ ગવાહ રેહજે કે તેઓથી લડવા માટે હવે એ જવાન ગયો છે જે સિરત અને સુરતમાં, રફતાર અને ગુફતારમાં તારા રસુલથી સૌથી વધારે સરખામણી રાખે છે. જ્યારે અમે તારા નબીની ઝિયારતના ઇચ્છુક હોઇએ છીએ તો તેના તરફ જોઇ લઇએ છીએ*

જ્યારે શેહઝાદા જંગ માટે નીકળ્યા તો આ રજઝ પઢતા નિકળ્યા

*અના અલીયબ્નુલ હુસૈનબ્ન અલી મન ઉસ્બત જદ્દ અબીહીમ નબી વલ્લાહે લા યહ્કોમો ફી ના ઇબ્નદ્દઇ અતઅનોકુમ બીર્રમહે હત્તા યુન્સેની અઝરેબોકુમ બીસ્સય્ફે અહમા અન અબી ઝરબે ગુલામે હાશમી અલવી*

*હું અલી ઇબ્ને હુસૈન ઇબ્ને અલી છું. તેમનો ફરઝંદ છું જેમના જદ્ નબી છે. ખુદાની કસમ એક હરામઝાદાનો દિકરો અમારી વચ્ચે ફૈસલો નથી કરી*

*શક્તો. હું મારા નેઝાથી તમારી ઉપર હુમલો કરીશ જ્યાં સુધી તે તૂટી ન જાય. મારી તલવારથી તમને મારીશ. મારા પિતાના બચાવમાં એ ઝરબત એક હાશમી અલવી જવાનની ઝરબત છે.*

અલી અકબર(અ.સ.)એ એવો હુમ્લો કર્યો કે અશ્કીયાની ફૌજમાં લાશોનો ઢગલો થઇ ગયો, જેના લીધે શોર બકોર થઇ ગયો અને સખ્ત પ્યાસ લાગી હોવા છતા આપે ૧૨૦ અશ્કીયાને જહન્નમ વાસિલ કર્યા.

પછી અલી અકબર(અ.સ.) ઝખ્મોથી ચુર થઇને ઇમામ હુસૈન ઇબ્ને અલી(અ.સ.)ની તરફ પાછા ફર્યા અને અરજ કરીઃ

*યા અબતે અલ અત્શો કદ કતલની વ સેકલુલ હદીદે અજહદની ફ હલ એલા શરબત મીન માઇન સબીલ અતકવ્વાબેહા અલલ્ અઅ્દાએ*

*બાબા પ્યાસ મારી નાખે છે અને લોખંડનો વજન મારા પર ભારે થઇ રહ્યો છે. શું કોઇ પાણીની સબીલ થઇ શકે છે જેના લીધે દુશ્મનોની વિરૂદ્ધ મને તાકત મળે?*

મકતલ કહે છે કે ફરઝંદની આ ખ્વાહિશથી મઝલુમ ઇમામનું કલેજુ ફાટી ગયું અને આપ રોવા લાગ્યા પછી ફરમાવ્યુંઃ

*યા બોનય્યા હાતે લિસાનેક ફ અખઝ બે લિસાનેહી ફ મસ્સહુ વ દફઅ એલય્હે ખાતમહુ વ કાલ ઇમ્સુકહો ફી ફીક વરજઅ એલા કેતાલે અદુવ્વેક ફ ઇન્ની અરજુ અન્નક લા તમસા હત્તા યુસ્કીક જદ્દોક બે કઅસેહીલ અવ્ફા શરબત લા તઝમઅ બઅદહા અબદા*

*બેટા લાવો તમારી ઝબાન આપો. ઇમામ(અ.સ.)એ પોતાની ઝબાન અલી અકબરની ઝબાનમાં રાખીને ચુસાવી (પરંતુ ઇમામની જીભ અલી અકબરની જીભ કરતા વધારે સુકી હતી) પછી ઇમામ(અ.સ.)એ પોતાની અંગુઠી આપી અને ફરમાવ્યું બેટા આને તમારા મોઢામાં રાખી લ્યો અને દુશ્મનોથી જેહાદ કરવા જાવ. હું ચાહું છું કે સાંજ થવા પહેલા તમારા જદ્દ તમને એવા પાણીથી તૃપ્ત કરશે કે તેના બાદ તમને ક્યારેય તરસ નહી લાગે*

અલી અકબર(અ.સ.)એ ફરીથી હુમલો કર્યો અને ૨૦૦ અશ્કીયાને વાસિલે જહન્નમ કર્યા. એક શકી જેનું નામ મુન્કઝ ઇબ્ને મર્રા અબદી હતું, તેણે અલી અકબર(અ.સ.) પર એવો વાર કર્યો કે જેના લીધે શાહઝાદા ઘોડા પરથી નીચે આવ્યા. અશ્કીયાએ અલી અકબર(અ.સ.)ને ઘેરી લીધા. જ્યારે કે અલી અકબરે પોતાના હાથોને ઘોડાના ગળામાં નાખી દીધા હતા. મકતલ કહે છેઃ

*ફહતમલહુલ્ ફરસો એલા અસ્કરીલ્ અઅદાએ*

*ફ કતઉહો બે સોયુફેહીમ ઇરબન ઇરબન*

*પછી ઘોડો અલી અકબર(અ.સ.)ને દુશ્મનોની તરફ લઇ ગયો અને તેઓએ પોતાની તલવારોથી અલી અકબરના ટૂકડે ટૂકડા કરી નાખ્યા.*

ઇમામ હુસૈન(અ.સ.)એ અલી અકબર(અ.સ.)ની શહાદત પર મરસીયો પઢ્યોઃ

*અય બેટા તમારા પછી દુનિયાની જીંદગી પર ધૂળ છે. તમે તો આ ફાની દુનિયાથી વિદાય લઇ લીધી અને તમારા પિતા દુશ્મનોની વચ્ચે એકલા ઘેરાયેલા છે. ખુદાયા! આ કૌમને હરગીઝ માફ નહી કરતો કે જેઓ અલી અકબર (અ.સ.) જેવા ફરઝંદને હુસૈન(અ.સ.) જેવા પિતાથી છીનવી લીધો.*

### અસ્સલામો અલર્રઝીઇસ્સગીર

*સલામ થાય દૂધપીતા કમસીન પર*

હવે ઇમામે ઝમાના(અ.સ.) ઝિયારતે નાહિયામાં ઇમામ હુસૈન(અ.સ.)ના નાના શીર ખ્વાર અલી અસ્ગર(અ.સ.) પર સલામ મોકલી રહ્યા છે. જ્યારે ઇમામ હુસૈન(અ.સ.)એ આવાઝે ઇસ્તેગાસા બલંદ કરી, ખૈમામાં કોહરામ થઇ ગયો. ઇમામ(અ.સ.)એ આ શોરનું કારણ પુછ્યું. એહલે હરમે બતાવ્યું કે જ્યારે આપે આવાઝે ઇસ્તેગાસા બલંદ કરી, શીર ખ્વારે પોતાને જુલામાંથી ફેંકી દીધા. હુસૈન(અ.સ.)એ બાળકને ગોદમાં લઇ લીધુ અને ચાલ્યા.

ખુલાસો એ કે હુરમુલા મલઉનએ ત્રણ ભાલાવાળા તીરથી શીર ખ્વારને શહીદ કરી દીધા. જ્યારે માઁ એ પોતાના છ મહિનાના ચાંદને ખુનમાં નહાયેલા જોયા તો મરસીયો પઢ્યાઃ

*અય બેટા! શું તમારી જેવા શીર ખ્વારને પણ કત્લ કરવામાં આવે છે?*

**અસ્સલામો અલા અબ્દાનીસ્સલીબા**

*સલામ થાય એ નાજુક શરીરો પર જેના પર કોઈ પણ કપડુ રેહવા દેવામાં આવ્યું નહિ*

શબ્દ અબ્દાન એ બદનનું બહુવચન છે અને સલીબા એ ઈસ્મે મફઉલના અર્થમાં છે. એટલે કે જેનો લિબાસ છીનવી લેવામાં આવ્યો છે. કારણ કે અબ્દાન જમ્એ મુકસ્સર છે એટલા માટે સલીબા પર તાએ તાનીસ આવ્યો છે. કારણ કે જમ્એ મુકસ્સર મિજાઝી રીતે મોઅન્નસ હોય છે.

**અસ્સલામો અલલ્ ઈત્રતીલ્ ગરીબા**

*સલામ થાય દરબદર ફેરવવામાં આવેલ ખાનદાન પર*

ઈત્રત એટલે ખાનદાન અને ગરીબા એટલે જેને વતનથી કાઢી મુકવામાં આવ્યા હોય. ઈબ્ને મંઝુર પોતાની મશહુર ડીક્ષનરી લિસાનુલ અરબમાં લખે છે. ''ઈત્રતનો શાબ્દિક અર્થ છે વૃક્ષની ડાળી અને ઈત્રતે નબી(સ.અ.વ.)થી મુરાદ પૈગમ્બર(સ.અ.વ.) અને અલી(અ.સ.)ની અવલાદ''

(ભાગઃ ૪, પાનાઃ ૫૩૮, ઐન-તા-રાના મૂળ અક્ષર નીચે)

અગર ઈન્સાન ફક્ત આ બે શબ્દો પર વિચાર કરે તો તેનું કલેજુ ફાટી જશે. આલે નબી(સ.અ.વ.) અને આલે અલી (અ.સ.)ને દરબદર ફેરવવામાં આવ્યા. સફરની શરૂઆત ૨૮ રજબના થઈ જ્યારે સય્યદુશ્શોહદાને મદીના છોડવું પડ્યું અને આપ પોતાના પુરા ખાનદાનની સાથે મક્કાએ મોકર્રમા તશરીફ લઈ ગયા. પછી મક્કાએ મોકર્રમામાંથી કરબલા. આશુરાના દિવસે એહલે હરમને કૈદી બનાવવામાં આવ્યા અને કરબલાથી કુફા અને કુફાથી શામ અને શામથી કરબલા થઈ મદીના સુધી. વાય થાય આ ઉમ્મત પર! રસુલનો કલમો પઢે છે અને ઈતરતે રસુલની સાથે આવો વર્તાવ? આજે પણ એ લોકો કે જેમના દિલોમાં એ ઝાલિમોની પ્રત્યે કુણી લાગણી છે અથવા કોઈ પણ રીતે એ ઝાલિમોના કદી માફ ન થઈ શકે એવા ગુનાહોમાં બચાવ રજુ કરે છે, ચોક્કસ તેઓ આ ગુનાહમાં તેમની સાથે શરીક છે.

**અસ્સલામો અલલ્ મોજદ્દલીન ફીલ ફલવાત**

*સલામ થાય એ લાશો પર જે ધોરી માર્ગો પર વિખેરાયેલી રહી*

ડિક્ષનરીમાં મુજદ્દલનો અર્થ છે અલ-મુલ્કા અલલ્ અર્ઝે કતીલા એ કે જેને કત્લ કરીને જમીન પર ફેંકી દેવામાં આવ્યા હોય અને મુજદ્દલીન તેનું બહુવચન છે. ફલવાત એ ફલવહનું બહુવચન છે જેનો અર્થ છે રાજ માર્ગ - મુખ્ય માર્ગ.

**અસ્સલામો અલન્નાઝેહીન અનીલ અવતાન**

સલામ થાય તેના પર જેમને તેમના વતનથી છોડાવવામાં આવ્યા હોય

શબ્દ નઝાહુન એ સમયે વપરાય છે. જ્યારે કુવામાંથી પાણીને કાઢી નાખવામાં આવે છે. આ ઝિયારતમાં ઈમામે ઝમાના(અ.સ.) અજબ દર્દને દર્શાવીને ફરમાવી રહ્યા છે કે એહલેબૈત(અ.મુ.સ.)ને તેમના વતનથી એવી રીતે જુદા કરી દેવામાં આવ્યા, જેવી રીતે કુવામાંથી પાણી કાઢવામાં આવે છે. અગર આ સરખામણી પર વિચાર કરીએ તો ઘણી બધી બાબતો સામે આવે છે. એ કુવો કે જેમાં પાણી નથી રેહતુ તે પછી કુવો નથી રેહતો, ફક્ત એક ખાડો રહી જાય છે. બિલકુલ એવી જ રીતે ફરઝંદે રસુલ(સ.અ.વ.) અને આલે રસુલ (સ.અ.વ.)ના જવા બાદ મદીના મદીના રહ્યું નહી. કુર્આને કરીમમાં ઈર્શાદ થાય છે.

*વ બેઅ્રીન મોઅત્તલતીન*

*એ કુવો કે જે હવે ઉપયોગ નથી કરાતો*

(સુરે હજ, આયતઃ૪૫)

આ આયતે કરીમાની તફસીરમાં ઈમામ મુસા કાઝિમ (અ.સ.)થી રિવાયત છેઃ

*અલ્ બેઅ્રૂલ્ મોઅત્તલતુલ્ ઈમામુસ્સામેતો*

*છોડી દેવામાં આવેલો કુવો એટલે ખામોશ ઈમામ*

(અલ-કાફી, ભાગઃ ૧, પાનાઃ ૪૨૭, હદીસ નં.: ૭૫)

એહલેબૈત(અ.મુ.સ.) મદીનાથી રૂખ્સત થયા એટલે મદીના વિરાન થઈ ગયું.

**અનુસંધાન પાના નં. ૧૫ ઉપર ...**

# ઈમામ હુસૈન(અ.સ.)ના અખ્લાક

સય્યદુશ્શોહદા હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ના અખ્લાક અને કિરદાર પર પ્રકાશ ફેંકવો એ સૂર્યની સામે દિવો દેખાડવા બરાબર છે જે ખુલ્કે અઝીમના જાનશીન હોવા ઉપરાંત સરકારે કોનૈન(સ.અ.વ.)ની તમામ બાબતો, જવાબદારીઓના વારસદાર હોય ભલા કોઇ તેમની જીંદગીના અખ્લાકના અમૂલ્ય પાસાઓને કાગળથી ઝીનત અતા કરી શકે? એટલા માટે કે અગર તેમણે તાલીમ ન આપી હોત તો આપણને અખ્લાકની સમજણ પણ ખબર ન પડત કે અખ્લાક કેહવાય કોને?

તેમણે અખ્લાકી સમજણ રજુ ન કરી હોત તો આપણે શું કરત?

તેમણે અખ્લાકી સમજણની અમલી જીંદગી આપણી સામે ન ગુજારી હોત તો આપણને અખ્લાકને અમલમાં લાવવાની રીત ન આવડત. નહિતર તમે અને અમે જાણીએ છીએ કે આપણે ત્યાં અખ્લાકના બારામાં શું ખયાલ જોવા મળે છે:

(૧) સામાન્ય લોકોની વચ્ચે એક માન્યતા જે જોવા મળે છે તે એ છે કે રોજીંદા જીવનમાં અખ્લાક શબ્દનો ઉપયોગ આપણે એ રીતે કરીએ છીએ કે કોઇ સલામ કરે તો તેને સારા અખ્લાકનું સર્ટીફીકેટ આપી દીધુ અને સલામ ન કરી તો બદ અખ્લાકીમાં શુમાર કર્યુ. આ જ તો છે બીજુ શું?

(૨) અને એક બીજો ખયાલ એ જોવા મળે છે કે જે અખ્લાકના આલિમોની નજરમાં છે જેના લીધે ખરેખર કોઇ ઇન્સાનને અખ્લાકવાળો કે બદ અખ્લાક ગણવામાં આવે છે. વાતચીતને વધારે વિગતમાં લઇ જવા નથી ચાહતો પરંતુ એટલુ જરૂર છે કે ઇન્સાનની જીંદગીમાં બે વાતો ખુબ જ મહત્વની છે (૧) ઇલ્મ (૨) અમલ.

જેવી રીતે ઇન્સાનની જીંદગી આ બંને વગર સંપૂર્ણ નથી તેવી જ રીતે ઇન્સાનનું ચારિત્ર્ય ત્યાં સુધી સંપૂર્ણ નથી થઇ શક્તું જ્યાં સુધી કે ઇન્સાનનું ઇલ્મ અને અમલ દરેક પ્રકારની ખામીઓ અને ઐબ અને કમઝોરીઓથી પાક ન હોય. દુનિયામાં મોહમ્મદો આલે મોહમ્મદ(અ.મુ.સ.)ના સિવાય કોઇ એવું નથી કે જેને અલ્લાહ તરફથી ઇલ્મ મળેલુ હોય અને અમલમાં અત્યાર સુધી દુનિયા તેમનો જવાબ નથી લાવી શકી. એ વાત યાદ રહે કે ગરીબ આદમી ગરીબોની સાથે બેસી જાય, ફકીર આદમી ફકીરોના સમૂહની સાથે ઉઠે-બેસે એ કોઇ ઇન્સાની જીંદગીનો હુનર અથવા કિરદાર નથી. મોટો માણસ નાના માણસની સાથે ખાવાનું ખાય એ ખુબ જ ઉચ્ચ દરજ્જાના કિરદારનો કમાલ છે. શું ઇમામ હુસૈન(અ.સ.)ની સરખામણી દુનિયાના કોઇ પણ માણસ સાથે કરી શકાય છે? જે દીન અને દુનિયા બંનેના સરદાર હોય, જે મહાન હસબ અને કરીમ વંશવાળા હોય, તેનાથી મોટુ કોઇ છે? પરંતુ ઇમામ હુસૈન (અ.સ.)નો કિરદાર જોઇએ તો અઝમત અને મર્તબો ધરાવતા હોવા છતા ઇન્કેસારી અને નમ્રતાને કેવી રીતે અમલી રૂપ આપ્યું છે.

મર્હુમ અય્યાશીએ ભરોસાપાત્ર સનદથી વર્ણન કર્યુ છે કે એક દિવસ ઇમામ હુસૈન(અ.સ.) એક જગ્યાએ પસાર થઇ રહ્યા હતા. જોયુ કે અમૂક મિસ્કિન પોતાની અબા પાથરીને સુકી રોટલી ખાઇ રહ્યા છે. જ્યારે નજદીક પહોંચ્યા તો એ લોકોએ આપ(અ.સ.)ને પોતાની સાથે ખાવાની દાવત આપી. ઇમામ હુસૈન(અ.સ.) તરત જ ઘોડા પરથી નીચે ઉતર્યા અને તેમની પાસે બેઠી ગયા પછી ફરમાવ્યું:

*ઇન્નહુ લા યોહિબ્બુલ્ મુસ્તકબેરીન*

*બેશક ખુદા અભિમાનીઓને દોસ્ત નથી રાખતો*

(સુરે નહલ, આયતઃ ૨૩)

અને તેમની સાથે ખાવાનું શરૂ કરી દીધુ. અમૂક રિવાયતોમાં મળે છે કે આપ બેસી તો ગયા પરંતુ ફરમાવ્યું: માફ કરજો અમે ખાવાનું નથી ખાઇ શકતા એટલા માટે કે તમારૂ ખાવાનું સદકો છે (લોકોના ઘરેથી માંગીને લાવો છો) અને અમો આલે મોહમ્મદ(સ.અ.વ.) પર સદકો હરામ છે.

કિરદારનું થોડુ વિશ્લેષણ કરીએ. ખબર હતી કે આ ખાવાનું અમારા માટે જાએઝ નથી એ છતા તેમની પાસે બેસી ગયા. જેથી બતાવી દે કે તમે દાવત આપી, કબુલ કરવી એ મારી ફરજ હતી પરંતુ ખાવું નહી એ અલ્લાહના હુકમની બજાવણી છે. નહિતર ખુબ જ સારી રીતે ઘોડા પરથી ઉતર્યા વગર આ કહીને આગળ વધી જાત કે જે ખાવાનું ખાઇ રહ્યા છો તે મારા લાયક છે જ નહી તો પછી બેસવાની શું જરૂરત છે. ત્યાર બાદ જુઓ કે કેટલી સારી રીતે એક અમલથી કુર્આને કરીમની આયતોને અમલી અખ્લાક રજુ કરી દીધુ. કુર્આન કહે છેઃ

*હલ્ જઝાઉલ્ એહસાને ઈલ્લલ્ એહસાન*

(સુરે રેહમાન, આયતઃ૬૦)

ઇમામ હુસૈન(અ.સ.)એ તેમના તરફ સંબોધન કરીને ફરમાવ્યુંઃ

*તમે દાવત આપી મેં કબુલ કરી. હવે હું દાવત દઈ રહ્યો છું તમે પણ કબુલ કરો અને બધાને પોતાના ઘરે લઇ ગયા. કનીઝોને અવાજ આપી જે કાંઇ ઘરમાં મેહમાન માટે હોય લઇ આવો. આપે બેહતરીન તરીકાથી મેહમાનગતી કરી અને ઇનામ અને ઇકરામ સાથે રૂખ્સત કરી દીધા*

(જીલાઉલ ઓયુન, ભાગઃ ર, પાનાઃ ૩૨૫)

## સખાવતે ઇમામ હુસૈન(અ.સ.):

ઇબ્ને શેહરે આશોબ એ રિવાયત કરી છે કે એક અઅરાબી મદીના પહોંચ્યો અને પુછ્યું કે મદીનામાં સૌથી વધારે કરીમ કોણ છે? લોકોએ કહ્યુંઃ હુસૈન ઇબ્ને અલી(અ.સ.). તે તરત જ મસ્જીદ આવ્યો. જોયું કે આં હઝરત (અ.સ.) નમાઝમાં મશગુલ છે. એટલી વારમાં ઇમામ હુસૈન (અ.સ.)ની મદ્હમાં અમૂક શેર પઢી દીધા. જ્યારે હઝરત (અ.સ.) નમાઝથી ફારિગ થયા તો કમ્બરને બોલાવ્યા અને ફરમાવ્યુંઃ કમ્બર! હિજાઝના માલમાંથી કાંઇ વધ્યું છે? કમ્બરે અર્ઝ કરીઃ સોનાના ચાર હજાર દીનાર વધ્યા છે. ફરમાવ્યુંઃ લાવો આ શખ્સ તેનો સૌથી વધુ મુસ્તહક છે. ઘરની અંદર તશરીફ લઇ ગયા. પોતાની મુબારક રિદામાં ૪૦૦૦ દીનાર લપેટીને અઅરાબીથી શર્મના લીધે દરવાજાની પાછળ ઉભા રહીને ધીમેથી તેના હવાલે કરી દીધા. અમૂક શેર આપ (અ.સ.)એ પણ કીધા જે અઅરાબીથી માફી માંગવા પર હતા. જ્યારે અઅરાબીએ થેલી જોઇ તો રોવા લાગ્યો. હઝરતે ફરમાવ્યુંઃ

*અય અઅરાબી! એવું લાગે છે કે જે મેં આપ્યું છે તે તારા માટે પુરતુ નથી. અર્ઝ કરીઃ નહિ! એવું નથી પરંતુ હું એટલા માટે રડી રહ્યો છું કે સખાવત અને બક્ષિસનો આ જબરદસ્ત હાથ કેવી રીતે માટીમાં છૂપાઇ જશે*

(જીલાઉલ ઓયુન, ભાગઃ ર, પાનાઃ ૩૨૫-૩૨૬)

જામેઉલ અખ્બારમાં રિવાયત છે કે એક અઅરાબી ઇમામ હુસૈન(અ.સ.)ની ખિદમતમાં આવ્યો અને અર્ઝ કરીઃ ફરઝંદે રસુલ હું સંપૂર્ણ દીયતનો ઝામીન છું અને હવે તેને અદા કરવાથી લાચાર છું. મેં વિચાર્યુ શું કરૂ. દિલમાં વિચાર્યુ કે લોકોમાં સૌથી વધારે કરીમ હોય તેની પાસે માંગુ. મેં જોયુ કે પૈગમ્બર(સ.અ.વ.)ના એહલેબૈત(અ.મુ.સ.)થી વધીને કોઇ કરીમ નથી. હઝરત(અ.સ.)એ ફરમાવ્યુંઃ

*આ તો તારી રીત હતી કે કરીમની પાસે સવાલનો હાથ લંબાવવો જોઇએ પરંતુ આ મારી રીત છે કે આં હઝરત (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ 'અલ્ મઅ્રૂફો બે કદ્રીલ્ મઅ્રેફતે' અગર કોઇને કાંઇક દેવું હોય, અતા કરવું હોય તો દેવાથી પહેલા તેની માઅરેફત જોઇ લેવી. જેટલી માઅરેફત ધરાવતો હોય તેટલા પ્રમાણમાં તેની સાથે નેકી કરવી જોઇએ. હું તને ત્રણ સવાલ કરૂ છું. એક સવાલનો જવાબ આપ્યો તો એક તૃત્યાંશ માલ તારો. અગર બે સવાલના જવાબ આપ્યા તો બે તૃત્યાંશ. અગર ત્રણ સવાલના જવાબ આપ્યા તો પૂરા માલનો હકદાર બનીશ*

તે ગભરાઇ ગયો. હઝરત મને સવાલ કરશે મારી શું હૈસીયત. ફરઝંદે રસુલ આપ ઇલ્મે લદુન્નીના માલિક છો, શરફ અને અઝમત ધરાવનારા છો. આપ પુછો અગર ઇમ્તેહાનમાં કામ્યાબ થઇ ગયો તો શું કહેવું નહિતર આપને જ પુછી લઇશ.

ઇમામ હુસૈન(અ.સ.)એ ફરમાવ્યુંઃ બતાવ કે ક્યો અમલ અફઝલ છે?

અઅરાબીઃ અલ્લાહ તઆલાની ઝાત પર ઇમાન રાખવું.

ઇમામ(અ.સ.)ઃ આખેરતમાં હલાકતથી બચવાનો

ઝરીઓ શું છે?

અઅરાબીઃ અલ્લાહ પર ભરોસો રાખવો.

ઇમામ(અ.સ.): ઇન્સાનની ઝીનત કઇ ચીજમાં છે?

અઅરાબીઃ ઇલ્મ અને તેની સાથે હિલ્મ.

ઇમામ(અ.સ.): અગર એ ન હોય તો?

અઅરાબીઃ માલ અને તેની સાથે સબ્ર અને બરદાશ્ત કરવું.

ઇમામ(અ.સ.): અગર તે પણ ન હોય તો?

અઅરાબીઃ ગરીબાઇ અને તેની સાથે સબ્ર.

ઇમામ(અ.સ.): અગર તે પણ ન હોય તો?

અઅરાબીઃ પછી આવો શખ્સ હકદાર છે કે વિજળી પડે અને હલાક થઇ જાય?

રિવાયત કહે છે કે જેવું તેણે આખરી વાક્ય કહ્યું, ઇમામ (અ.સ.) મુસ્કુરાયા અને થેલી જેમાં ૧૦૦૦ દીનાર રાખેલા હતા તેના હવાલે કર્યા. તમે ઇમ્તેહાનમાં કામ્યાબ થઇ ગયા. આથી બધુ લઇ જાવ અને પોતાની અંગુઠી આપીને ફરમાવ્યું:

***આ અંગુઠી પણ લઇ લ્યો. તેના નગીનાની કિંમત ૨૦૦ દિરહમ છે. થેલીની રકમથી કર્ઝ અદા કરજો અને આ અંગુઠીને પોતાના ખર્ચમાં ઉપયોગ કરજો***

અઅરાબીએ આગળ વધીને તેને લીધુ અને અર્ઝ કરીઃ

***અલ્લાહો અઅ્લમો હય્સો યજ્અલો રેસાલતહુ***

***અલ્લાહ બેહતર જાણે છે કે રિસાલત અને ઇમામત ક્યાં રાખે.***

(જીલાઉલ ઓયુન, ભાગઃ ર, પાનાઃ ૩૨૮)

## આપનું સાદુ જીવનઃ

ઇમામ હુસૈન(અ.સ.)ની શખ્સીય્યત એટલી બધી બુલંદ છે કે તેની કોઇ કલ્પના કરી શકતુ નથી. જ્યારે આપ(અ.સ.) પોતાના ભાઇ ઇમામ હસન(અ.સ.)ની સાથે પગે ચાલીને હજ કરવા તશરીફ લઇ જતા હતા તે સમયે ઇસ્લામની મોટી મોટી શખ્સીયતો આપના એહતેરામમાં પગે ચાલતા. સમાજની અંદર આપનુ જે ઇઝ્ઝત અને એહતેરામ હતુ તેનું એક કારણ એ હતું કે આપ સમાજમાં જીંદગી પસાર કરતા હતા. લોકોથી એકાંત વાસ રાખતા નહી. દિલો જાનથી સમાજના મસઅલાઓમાં ભાગ લેતા અને બીજાઓની જેમ પોતે પણ મુશ્કેલીઓ અને તકલીફો સહન કરતા. લોકો પ્રત્યે હમદર્દીઓ આપને ફિકરમંદ રાખતી હતી. આપની પાસે ન તો મહેલ હતો અને ન તો લશ્કર. ન ખિદમત ગુઝાર ગુલામો ન તો ચોકીદાર અને ન તો દરવાન. આપની જીંદગી બાદશાહો જેવી ન હતી. બલ્કે ફકીરો, જરૂરતમંદોની મદદ કરવામાં આગળ આગળ રેહતા અને ખુદ પોતે સામાન લઇને પહોંચતા હતા.

શોએબ બીન અબ્દુર્રેહમાન ખુઝાઇનું બયાનઃ જ્યારે ઇમામ હુસૈન(અ.સ.)ને શહીદ કરી દેવામાં આવ્યા તો આપની પીઠ મુબારક પર કાળા ચિહ્નો જોવા મળ્યા. લોકોએ ઇમામ ઝૈનુલ આબેદીન(અ.સ.)થી આનું કારણ પુછ્યું. ઇમામ (અ.સ.)એ ફરમાવ્યુંઃ

***મારા વાલિદ રાતના અંધારામાં પીઠ પર રોટીઓ ઉંચકીને બેવાઓ, યતીમો અને ફકીરોમાં વહેંચતા હતા. આ તેની નિશાનીઓ છે.***

(મનાકિબ, ભાગઃ ર, પાનાઃ ૨૨૨)

અલાએલી પોતાની કિતાબમાં લખે છેઃ માનવ ઇતિહાસમાં એવી મહાન શખ્સીયતો મળે છે કે જેની મહાનતાના પાસાએ દુનિયાને આશ્ચર્યચકિત કરી દીધા છે. કોઇએ શુજાઅતમાં, કોઇએ ઝોહદમાં, કોઇએ સખાવતમાં. પરંતુ ઇમામ હુસૈન(અ.સ.)ની શખ્સીયત દરેક પાસાથી અઝીમ દેખાઇ આવે છે. તેમની શખ્સીયત તમામ અઝમતો અને બુલંદીઓનો મજમુઓ છે.

(સીમ્વલ મઅના, પાનાઃ ૧૦૪)

જે નબુવ્વતના અમર્યાદિત રાજ્યના વારિસ હોય, જે અલી(અ.સ.)ની અઝમત, અદાલત અને શુજાઅતનો અરીસો હોય, જે ફાતેમા(સ.અ.)ના જાહોજલાલ, ફઝીલત અને ઉચ્ચતાના વારસદાર હોય, જે હસન(અ.સ.)ની શાનો શૌકત અને સુલેહ તથા હિલ્મના જવાબદાર હોય. એમની શખ્સીયત બુલંદીઓ અને ઇન્સાની સિફતોના મેઘ ધનુષ્ય તરીકે નજર કેમ ન આવે? આપણા સર્વો માટે એહલેબૈત (અ.મુ.સ.)ના મકતબના અનુયાયીઓ તરીકે જરૂરી છે કે તેમની શખ્સીયત

**અનુસંધાન પાના નં. ૨૯ ઉપર ...**

# ઈમામ હુસૈન(અ.સ.)ની શહાદતની વૈશ્વિક અસરો

**પ્રસ્તાવનાઃ**

અલ્લાહની આ સુન્નત હંમેશાથી રહી છે કે મુકર્રબ બંદાઓની વિલાદત અને શહાદત પર કાએનાતમાં અઝીમ નિશાનીઓ જાહેર થાય, જેથી જમીનવાળાઓને આવનાર મુકર્રબ બંદાઓના ઈસ્તેકબાલ માટે તૈયાર કરવામાં આવે અને આ અઝીમ બંદાઓની શહાદત પર કાએનાત પર થવાવાળી અસરોને જાહેર કરે જેથી બંદાઓને ગુનાહની ગંભીરતાનો એહસાસ કરાવી શકાય. બંને વાત માટે કુર્આનમાંથી ઉદાહણ રજુ કરી શકાય છે.જનાબે ઇસા(અ.સ.)ના જન્મ પેહલા અને પછીના બનાવોને કુર્આનમાં વિગતવાર જોઇ શકાય છે. એ જ રીતે જનાબે યહ્યા(અ.સ.) અને જનાબે સાલેહ(અ.સ.)ની ઉંટણીની શહાદત બાદની અસરો કુર્આને વિગતવાર રજુ કરી છે.

બીજુ આ અસરોને એટલા માટે દેખાડવામાં આવે છે અથવા બાકી રાખવામાં આવે છે કે જેથી ભવિષ્યમાં આવનારા લોકો તેનાથી બોધપાઠ અને નસીહત મેળવે અને પોતાના બુઝુર્ગોના કારનામાઓ અગર હકારાત્મક છે તો પોતાની જીંદગીમાં અપનાવે. આ બાબતોને ધ્યાનમાં રાખીને જ્યારે આપણે ઈમામ હુસૈન(અ.સ.)ની શહાદત બાદ થવાવાળા બનાવો અને અસરો પર નજર કરીએ તો તેની અબદી અસર એ થાય કે તે આપણને ખુદાવંદે આલમના દીનની હિફાઝતમાં દરેક કુર્બાની પેશ કરવા પ્રેરે છે. આ ઉપરાંત આ અસરોની ઇન્સાન પર એક ઉંડી અસર થાય છે, જે તેના દીનમાં યકીન અને ઇમાનમાં મજબુતાઇ તથા પુખ્તતા પૈદા કરે છે. દુનિયામાં શીય્યતનું હોવુ તેનો સ્પષ્ટ પુરાવો છે. આ બાબતોને દ્રષ્ટિમાં રાખીને આવો અમુક એવા બનાવોનો ઉલ્લેખ કરીએ જેમાં યકીન અને ઇમાનમાં વધારાની સાથે દુનિયા અને આખેરતમાં ખુદાવંદે આલમની ખુશનુદીનો સબબ હોય.

(૧) શૈખ પોતાની અમાલીમાં ભરોસાપાત્ર સનદથી હુસૈન ઇબ્ને અબી ફાકતાહથી વર્ણન કરે છે. રાવી કહે છેઃ હું અને અબુ સલમા અસ્સર્રાજ અને યુનુસ બીન યાકુબ, ફુઝૈલ ઇબ્ને સયાર અબુ અબ્દીલ્લાહ(અ.સ.) (છટ્ઠા ઇમામ)ની પાસે હતા. મેં ઈમામ(અ.સ.)ને કહ્યુંઃ મારી જાન આપ પર કુર્બાન થઇ જાય હું ક્યારેક એ લોકોની બેઠકોમાં જાવ છું અને દિલમાં આપ લોકોને યાદ કરૂ છું. હું તે સમયે શું કહુ? પછી ઈમામ (અ.સ.)એ ફરમાવ્યુંઃ

*અય હુસૈન! અગર તમે એ લોકોની બેઠકોમાં જાવ તો કહોઃ*

*અલ્લાહુમ્મ અરેનર્રખાઅ વસ્સોરૂર ફ ઇન્નક તઅ્તી અલા મા તોરીદો*

*અય અલ્લાહ! અમને આસાનીઓ અને ખુશીઓ અતા કર ખરેખર તું જે ચાહે છે અતા કરે છે.*

રાવી કહે છે મેં ઈમામ(અ.સ.)ને કહ્યુંઃ મારી જાન આપ પર કુર્બાન થાય હું ઈમામ હુસૈન(અ.સ.)ને યાદ કરૂ છું. જ્યારે હું તેમને યાદ કરૂ તો શું કહુ? પછી ઈમામ(અ.સ.)એ જવાબ આપ્યોઃ

*ત્રણ વખત કહોઃ સલ્લલ્લાહો અલય્ક યા અબા અબ્દીલ્લાહ (આપ પર દુરૂદો સલામ થાય અય મૌલા હુસૈન(અ.સ.)*

પછી ઈમામ(અ.સ.) અમારી તરફ મુતવજ્જેહ થયા અને ફરમાવ્યુંઃ

*બેશક જ્યારે ઈમામ હુસૈન(અ.સ.)ને શહીદ કરવામાં આવ્યા તો સાતેય આસ્માન અને ઝમીને ગીર્યા કર્યુ. ઝમીન અને આસ્માનમાં જે ચીજો છે બધાએ ગીર્યા કર્યુ અને જન્નત તથા જહન્નમમાં જે કાઇ ચીજો છે તેણે ગીર્યા કર્યુ. જે ચીજો દેખાઇ છે અને જે ચીજો દેખાતી નથી બધાએ ગીર્યા કર્યુ સિવાય ત્રણ ચીજોએ.*

રાવી કહે છે મારી જાન આપ કુર્બાન થાય એ ત્રણ ચીજો કઇ છે જેણે હુસૈન(અ.સ.) પર રૂદન કર્યુ નહી. ઈમામ (અ.સ.)એ ફરમાવ્યુંઃ

*બસરા, દમિશ્ક (શામ) અને આલે હકમ બીન અબીલ આસ*

(જીલાઉલ ઓયુન, પાનાઃ ૫૩)

(૨) શૈખ સદુક 'અમાલી' અને 'એલલ' માં ભરોસાપાત્ર સનદથી જબલા મકીનાથી રિવાયત છે કે જબલા કહે છેઃ મેં મીસમે તમ્મારને કેહતા સાંભળ્યા કેઃ અલ્લાહની કસમ! આ ઉમ્મત પોતાના નબીના ફરઝંદને મોહર્રમની દસમી તારીખે શહીદ કરશે અને અલ્લાહની કસમ! દીનના દુશ્મનો આ દિવસને બરકતનો દિવસ ગણશે અને આ થવાનુ જ છે. અલ્લાહ તઆલાએ તેનો ઉલ્લેખ પ્રથમથી જ કરી દીધો છે અને આ ચીજો હું એ અહદ અને વાયદાના આધારે કહી રહ્યો છું અને ચોક્કસ મારા મૌલાએ ખબર આપી છે કે દરેક ચીજ મારા હુસૈન પર રૂદન કરશે ત્યાં સુધી કે જંગલોમાં જાનવર, સમુદ્રમાં માછલીઓ, આસ્માનોમાં પક્ષીઓ રોશે અને સુરજ, ચાંદ, સિતારાઓ, આસ્માન અને જમીન, ઇન્સાનો અને જીન્નાત મોઅમીનો, આસ્માન અને જમીનના તમામ મલાએકા, રીઝવાન, માલિક, અર્શે ઇલાહીના ઉપાડવાવાળા ફરિશ્તાઓ રોશે અને આસ્માનથી ખુનવાળી ખાકનો વરસાદ થશે. પછી ઇમામ(અ.સ.)એ ફરમાવ્યુંઃ કાતિલો પર લાનત કરવી વાજીબ છે જેવી રીતે આ મુશરીકો પર લાનત કરવી વાજીબ છે, જેઓએ અલ્લાહની સાથે બીજાને શરીક કર્યા છે અને જે રીતે યહુદી, ઇસાઇ અને મજુસી પર લાનત કરવી વાજીબ છે.

જબલા કહે છેઃ મેં મીસમને કહ્યુંઃ અય મીસમ! લોકો કેવી રીતે એ દિવસને બરકતનો દિવસ ગણી શકે કે જે દિવસમાં ઇમામ હુસૈન(અ.સ.) શહીદ થયા? પછી મીસમ રોવા લાગ્યા અને પછી ફરમાવ્યુંઃ આ લોકો જુઠી હદીસો થકી એમ ધારે છે કે આ એ દિવસ છે કે જે દિવસે અલ્લાહે આદમ(અ.સ.)ની તર્કે અવલાને કબૂલ કરી માફી અતા કરી જ્યારે કે ફક્ત અને ફક્ત ઝિલ્હજ્જમાં અલ્લાહ તઆલાએ તેમની તૌબા કબુલ કરી અને લોકો સમજે છે કે આ એ દિવસ છે જે દિવસે અલ્લાહે દાઉદ(અ.સ.)ની તૌબા કબૂલ કરી. જ્યારે અલ્લાહે ફક્ત અને ફક્ત ઝિલ્હજ્જમાં તેમની તૌબા કબુલ કરી હતી અને તેઓ એમ સમજે છે કે આ દિવસે અલ્લાહે યુનુસ પૈગમ્બરને માછલીના પેટમાંથી બહાર કાઢ્યા હતા જ્યારે કે ઝિલ્હજ્જમાં અલ્લાહે યુનુસ નબીને માછલીના પેટમાંથી બહાર કાઢ્યા હતા અને તેઓ એમ વિચારે છે કે આ દિવસે નુહની કશ્તી જુદીના પહાડ પર ઠેહરી હતી જ્યારે કે નુહની કશ્તી ૧૮ મી ઝિલ્હજ્જના દિવસે જુદી પહાડ પર ઠેહરી હતી. આ લોકો એમ ધારે છે કે બની ઇસરાઇલે એ દિવસે દરિયામાં રસ્તો બનાવ્યો જ્યારે કે રબીઉલ અવ્વલના મહિનામાં અલ્લાહ તઆલાએ બની ઇસરાઇલના માટે રસ્તો બનાવ્યો હતો. પછી મીસમ કહે છે કે અય જબલા તમે જાણી લ્યો કે હુસૈન ઇબ્ને અલી(અ.સ.) કયામતના દિવસે જન્નતમાં શહીદોના સરદાર છે અને તેમના અસ્હાબ બીજા શોહદામાંથી ઘણા જ બુલંદ છે.

અય જબલા, જ્યારે તમે સુરજની લાલાશને જુઓ કે તે જામેલા ખુન જેવુ થઇ ગયુ હોય તો જાણી લેજો કે ઇમામ હુસૈન(અ.સ.)ને શહીદ કરી દેવામાં આવ્યા.

જબલા કહે છે કે એક દિવસ હું બહાર નીકળી તો મેં જોયુ કે સુરજની કિરણો દિવાલો પર એવી રીતે દેખાઇ રહી છે જેવી રીતે લોહી ભરેલી ચાદરને લપેટી દેવામાં આવી હોય. હું ચિલ્લાઇને રોવા લાગી અને મેં કહ્યુંઃ ખુદાની કસમ આજે ઇમામ હુસૈન(અ.સ.)ને શહીદ કરી દેવામાં આવ્યા.

(૩) ઇબ્રાહીમ ઇબ્ને નખઇથી રિવાયત છે કે એક દિવસ અલી(અ.સ.) ઘરેથી નીકળીને મસ્જીદમાં આવીને બેસી ગયા. અસ્હાબે અમીરૂલ મોઅમેનીન આજુ-બાજુ બેસી ગયા. હુસૈન (અ.સ.) ઇમામ(અ.સ.)ની સામે આવીને ઉભા રહી ગયા. પછી ઇમામ(અ.સ.)એ પોતાનો મુબારક હાથ ઇમામ હુસૈન (અ.સ.)ના સર પર રાખીને ફરમાવ્યુંઃ

*અય બેટા અલ્લાહ તઆલાએ પોતાની કિતાબમાં એ લોકોને પોતાના આ કૌલમાં બુરૂભલુ કહ્યુંઃ*

*ફમા બકત્ અલય્હેમુસ્સમાઓ વલ્ અર્ઝો વમા કાનુ મુન્ઝરીન*

*"ન તો આસ્માન તેના પર રડ્યુ અને ન તો જમીને ગિર્યા કર્યુ અને ન તેમને મોહલત દેવામાં આવી"*

(સુરે દોખાનઃ ૨૯)

*ખુદાની કસમ આ લોકો તમને શહીદ કરશે અને તમારી ઉપર આસ્માન અને ઝમીન ગિર્યા કરશે*

અબુ બસીર કહે છે કે છઠ્ઠા ઇમામ(અ.સ.)એ ફરમાવ્યુંઃ

*બેશક ઇમામ હુસૈન(અ.સ.)ની શહાદત પર*

*આસ્માન અને જમીને ગિર્યા કર્યુ અને બંને લાલ થઇ ગયા અને જમીન અને આસ્માને એ બંને એટલે કે યહ્યા ઇબ્ને ઝકરીયા અને હુસૈન ઇબ્ને અલી(અ.સ.)ના સિવાય કોઇના માટે ગિર્યા નથી કર્યુ*

અબ્દુલ્લાહ બીન હિલાલ કહે છે મેં ઇમામ સાદિક(અ.સ.)ને કેહતા સાંભળ્યા છેઃ

*બેશક આસ્માનએ હુસૈન ઇબ્ને અલી(અ.સ.) અને યહ્યા ઇબ્ને ઝકરીયા(અ.સ.) પર ગિર્યા કર્યુ અને આ બંને સિવાય કોઇના પર ગિર્યા નથી કર્યુ. રાવી કહે છે મેં સવાલ કર્યો આસ્માનનું ગિર્યા કરવાથી મુરાદ શું છે? ઇમામ(અ.સ.)એ ફરમાવ્યુંઃ ૪૦ દિવસ સુધી સુરજ લાલ રંગનો નિકળતો હતો અને લાલ રંગમાં ડુબતો હતો. રાવી કહે છે કે આસ્માનના ગિર્યાથી મુરાદ આ જ છે? ઇમામ(અ.સ.)એ ફરમાવ્યુંઃ હા*

(૪) બરબરી કહે છે હું ઇમામ રેઝા(અ.સ.)ની પાસે ગયો તો ઇમામ(અ.સ.)એ મને કહ્યુંઃ શું તુ આ ઘુવડને જોઇ રહ્યો છે? આ લોકોને કહી રહ્યું છે. રાવી કહે છે મેં કહ્યુંઃ મારી જાન આપ પર કુર્બાન થાય હું આપને સવાલ કરવા આવ્યો છું. પછી ઇમામ(અ.સ.)એ ફરમાવ્યુંઃ

*આ ઘુવડ મારા જદ્દ રસુલે ખુદા(સ.અ.વ.)ના ઝમાનામાં ઘરોમાં, મેહલોમાં રેહતુ હતુ અને જ્યારે લોકો ખાવાનું ખાતા તો ઉડીને તેઓની સામે આવીને બેસી જતુ હતુ. લોકો તેની સામે ખાવાનું રાખી દેતા હતા અને પાણી પીવડાવતા હતા અને તે ઉડીને પાછુ પોતાના માળામાં ચાલ્યુ જતુ. પરંતુ જે દિવસે ઇમામ હુસૈન (અ.સ.)ને શહીદ કરી દીધા તે દિવસથી તેણે ઘરોમાં રેહવાનું છોડી દીધુ અને સુમસામ પહાડ અને જંગલોમાં રેહવા લાગ્યુ અને કહે છેઃ તમે લોકો બદતરીન ઉમ્મત છો. તમે તમારા નબીની દુખ્તરના ફરઝંદને કત્લ કરી દીધા. હવે હું તમારી પર ક્યારેય ભરોસો નહી કરૂ*

ઇમામ સાદિક(અ.સ.) ફરમાવે છેઃ

*બેશક ઘુવડ દિવસે રોઝા રાખે છે પછી જ્યારે રોઝો ખોલે છે તો સવાર સુધી હુસૈન(અ.સ.) પર પોતાની મુંગી રીતે મરસીયો પઢે છે*

હુસૈન ઇબ્ને અબી મંઝર છટ્ઠા ઇમામ(અ.સ.)થી રિવાયત કહે છેઃ મેં ઇમામ(અ.સ.)ને ઘુવડના બારામાં કેહતા સાંભળ્યા છેઃ શું તમારામાંથી કોઇએ ઘુવડને દિવસે જોયું છે? ઇમામ(અ.સ.)ને કેહવામાં આવ્યુંઃ ક્યારેય પણ તે દિવસે દેખાતુ નથી ફક્ત રાતે દેખાય છે. ઇમામ(અ.સ.)એ ફરમાવ્યુંઃ

*બેશક ઘુવડ હંમેશા આબાદીમાં રેહતુ હતુ. પરંતુ જે દિવસે હુસૈન(અ.સ.)ને શહીદ કરવામાં આવ્યા, તે જ દિવસે તેણે પોતાની ઉપર વાજીબ કરી લીધુ કે તે ક્યારેય પણ હવેથી આબાદીમાં નહી રહે અને હંમેશા જંગલ અને રણોમાં રેહશે. ત્યાર બાદ આજ સુધી ગમઝદા રહે છે, દિવસે રોઝા રાખે છે ત્યાં સુધી કે રાતનું અંધારૂ ફેલાઇ જાય છે અને જ્યારે રાતનું અંધારૂ ફેલાઇ જાય છે તો સવાર સુધી હુસૈન(અ.સ.) પર મરસીયો પઢે છે*

(જિલાઉલ ઓયુન, પાનાઃ ૪૩૩)

(૫) આમાલી સદુકમાં મુફઝ્ઝલ ઇબ્ને ઉમરથી મોઅતબર સનદની સાથે ઇમામ સાદિક(અ.સ.)થી પોતાના બાપ દાદાઓની સનદથી વર્ણન થયું છેઃ

*એક દિવસ ઇમામ હસન(અ.સ.) ઇમામ હુસૈન (અ.સ.)ની પાસે તશરીફ લઇ ગયા. જ્યારે ઇમામ હુસૈન (અ.સ.)ની નજર ઇમામ હસન(અ.સ.) પર પડી તો ઇમામ(અ.સ.)એ ગિર્યા કર્યુ. પછી ઇમામ હસન (અ.સ.)એ ફરમાવ્યુંઃ અય અબા અબ્દીલ્લાહ હુસૈન (અ.સ.)! તમને કઇ વાતે રોવડાવ્યા? ઇમામ હુસૈન(અ.સ.)એ જવાબ આપ્યોઃ હું આપ પર આવવાવાળી મુસીબતો પર ગિર્યા કરી રહ્યો છું. પછી ઇમામ હસન(અ.સ.)એ ફરમાવ્યુંઃ હું એ છું જેને ધોખાથી ઝહેર આપીને શહીદ કરી દેવામાં આવશે, પરંતુ અય અબુ અબ્દીલ્લાહ હુસૈન(અ.સ.) તમારો દિવસ (આશુરા) જેવો કોઇ દિવસ નથી. ૩૦,૦૦૦ નું લશ્કર તમારી ઉપર હુમલો કરશે જે દાવો કરતા હશે કે અમે મોહમ્મદ(સ.અ.વ.)ની ઉમ્મતમાંથી છીએ અને દીને ઇસ્લામના માનવાવાળા છીએ. તમને કત્લ કરવા અને તમારૂ લોહી વહાવવા માટે ભેગા થયા હશે અને તમારી હુરમત પામાલ કરવા અને તમારી ઝુર્રીયત અને એહલે હરમને કૈદી બનાવવા અને માલો અસ્બાબ લૂંટવા માટે જમા થશે. એ સમયે ચોક્કસ બની ઉમય્યા લાનતના હકદાર થશે અને આકાશમાંથી લોહીવાળી માટીનો વરસાદ થશે અને આપ પર દરેક ચીજ ગિર્યા કરતી હશે ત્યાં સુધી કે જંગલોમાં જાનવરો અને*

અનુસંધાન પાના નં. ૨૯ ઉપર ...

# ઈમામ હુસૈન(અ.સ.)ના કાતિલો

અલ્લાહ તબારક વ તઆલા કુર્આને મજીદમાં સુરએ શોઅરાની આયત નંબર ૨૨૭ માં ઝાલિમોના અંજામના બારામાં ઈર્શાદ ફરમાવે છેઃ

*સ યઅ્લમુલ્લઝીન ઝલમુ અય્ય મુન્કલબીન યન્કલેબુન*

*નજીકમાં જ ઝાલિમો જાણી લેશે કે તેઓ કઈ જગ્યાએ પાછા ફેરવવામાં આવશે*

અગર આપણે આ આયત પર વિચાર કરીએ તો આયત એ બાબત તરફ નિર્દેશ કરે છે કે ઝાલિમો ખુબ જ જલ્દી પોતાના બુરા અંજામ સુધી પહોંચશે અને આ એજ આયત છે કે જેની તિલાવત ઈમામ હુસૈન(અ.સ.)ના મુબારક સરે કરી હતી જ્યારે આપના કપાયેલા સરને ઝાલિમોએ એક ઝાડ પર લટકાવ્યું હતું.

*સ યઅ્લમુલ્લઝીન ઝલમુ અય્ય મુન્કલબીન યન્કલેબુન*

(તફસીરે નુરૂસ્સકલૈન, ભાગઃ ૪, પાનાઃ ૭૪)

અમે પોતાના આ સંક્ષિપ્ત લેખમાં એ બનાવો અને હદીસો પર નજર કરીશું કે એ લોકો કે જેઓ ઈમામ હુસૈન(અ.સ.)ના કત્લમાં શામિલ હતા, તેઓને અલ્લાહે કેવી રીતે ખુબ જ જલ્દી અઝાબની અંદર મુબ્તેલા કર્યા અને તેઓની એ દુન્યવી હાજતો પુરી ન થઈ જેની લાલચમાં તેઓ ઈમામ હુસૈન(અ.સ.)ના કત્લ પર તૈયાર થયા હતા.

ઈમામ હુસૈન(અ.સ.)એ ઉમરે સઅદ મલઉનને ઈર્શાદ ફરમાવ્યુંઃ બેશક મારા કત્લ પછી તું ઈરાકના ઘઉં નહી ખાઈ શકીશ. તો એ મલઉને મજાક ઉડાવતા કહ્યુંઃ અગર ઘઉં નહી તો હું જવ ખાઈ લઈશ અને જેવી રીતે ઈમામ હુસૈન(અ.સ.)એ તેને આગાહી કરી હતી તેમજ થયું. તે રય શહેર સુધી પહોંચી ન શક્યો અને જનાબે મુખ્તારએ તેને કત્લ કરી દીધો.

(મનાકિબ ઈબ્ને શેહરે આશોબ)

એક અન્ય હદીસમાં મળે છે કે ઈમામ હુસૈન(અ.સ.)ના ખૈમામાંથી જે કાંઇ ખુશ્બુ લૂંટવામાં આવી હતી તે જે જે ઔરતે લગાવી તેને કોઢની બિમારી થઇ ગઇ.

અબુલ કાસિમએ રિવાયત કરી છે કે એક શખ્સે ઈમામ હુસૈન(અ.સ.)ને કહ્યું કે અય હુસૈન આપને ફુરાતમાંથી એક ટીપુ પાણી નહી મળે ત્યાં સુધી કે આપને મૌત આવી જાય અથવા એ કે આપ ઈબ્ને ઝિયાદના હુકમને કબુલ કરી લ્યો.

ઈમામ હુસૈન(અ.સ.)એ ફરમાવ્યુંઃ

***બારે ઈલાહા! આને પ્યાસથી હલાક કર અને તેને હરગીઝ બક્ષજે નહી. પછી તે શખ્સ પર પ્યાસનો ગલબો થયો. તે શખ્સ એટલુ બધુ પાણી પીતો હતો છતા પણ તેની પ્યાસ બુજાતી ન હતી. તે હાય પ્યાસ કરીને ચીખો પાડતો હતો ત્યાં સુધી કે તેનું પેટ ફાટી ગયું.***

આ એ બદબખ્ત લોકો હતા જેઓ ઈમામ હુસૈન (અ.સ.)ની વાસ્તવિક માઅરેફત રાખતા ન હતા. દુનિયાની મોહબ્બતે તેઓને આખેરતના દર્દનાક અઝાબના ખૌફથી બેપરવા બનાવી દીધા હતા. તે લોકોએ ઈમામ હુસૈન(અ.સ.) ની ઉપર પાણી બંધ કર્યુ જ્યારે કે એ લોકો જાણતા હતા કે ઈમામે વક્તના મુકદ્દસ વુજુદના લીધે અલ્લાહ આસ્માનમાંથી વરસાદ નાઝિલ કરે છે અને પાણી જેવી મહાન નેઅમત કાએનાતને હાંસિલ થાય છે. આ એ જહન્નમવાસીઓ હતા કે જેઓએ ઈમામ હુસૈન(અ.સ.)ના માટે પાણી પર પેહરો લગાવી દીધો, જ્યારે કે આ પાણી ઈમામ(અ.સ.)ના જ સદકામાં જમીન અને જમીનવાસીઓને તૃપ્ત કરે છે. પરવરદિગાર! જે લોકોએ ઈમામ હુસૈન(અ.સ.) પર પાણી બંધ કર્યુ અને તેમના પર ઝુલ્મો કર્યા, તેઓ પર તારો સૌથી ખરાબ અઝાબ નાઝિલ કર અને જે લોકો પણ ઈમામ હુસૈન(અ.સ.)ના કત્લ પર રાઝી છે, તેઓને દુનિયા અને આખેરતમાં ઝલીલ અને રૂસ્વા કર અને આવા લોકોનું ઠેકાણું જહન્નમ બનાવ.

એક વલદુઝ્ઝીના જે દારમ કબીલાનો હતો, તેણે ઇમામ હુસૈન(અ.સ.)ને તીર માર્યુ, જે આપ(અ.સ.)ના મુબારક ગળા પર લાગ્યું. જેમાંથી ખુન વહેતુ હતું અને ઇમામ(અ.સ.)એ ખુનને આસ્માનની તરફ ફેંકતા હતા. ત્યારબાદ એ શકી એવી બલામાં ફસાયો કે ઠંડી અને ગરમીની ફરિયાદ કરતો હતો. તેના પેટમાંથી આગની ગરમી નીકળતી હતી અને તેની પીઠ ઠંડીના લીધે ધ્રુજતી હતી. લોકો એ બદબખ્તની પીઠની પાછળ આગ રોશન કરતા હતા અને તેની આગની પાસે પંખો ચલાવતા હતા અને તેના પેટ ઉપર બરફ રાખતા હતા. તે મલઉન પ્યાસના લીધે ફરિયાદ કરતો હતો. પાણી પીતો હતો પરંતુ તૃપ્ત થતો હતો નહી ત્યાં સુધી કે તેનું પેટ ફાટી ગયું.

ઇબ્ને બાબવય્હએ મોતબર સનદથી યાકુબ બીન સુલૈમાનથી રિવાયત કરી કે હજ્જાજના ઝમાનામાં જ્યારે અમે ભયભીત થયા તો અમારામાંથી અમૂક લોકો શહેરમાંથી લપાઇ છુપાઇને કુફાથી બહાર આવી ગયા અને હું પણ તેઓની સાથે હતો ત્યાં સુધી કે અમે કરબલા પહોંચ્યા અને ત્યાં આરામ કરવાની જગ્યા શોધી. અમને ફુરાતના કિનારે એક ખૈમો દેખાયો અને અમે કહ્યુ કે આપણે તેમાં પનાહ લઇએ. અમે એ ખૈમામાં આરામ કરી રહ્યા હતા કે એક અજાણ્યો શખ્સ અમારી પાસે આવ્યો અને કહ્યું કે હું મુસાફિર છું. શું હું તમારી સાથે આ ખૈમામાં રાત વિતાવી શકુ છું? અમે તેને રજા આપી પછી જ્યારે સૂરજ અસ્ત થઇ ગયો અને રાતનું અંધારૂ છવાઇ ગયું તો અમે દીવો સળગાવ્યો અને ઇમામ હુસૈન(અ.સ.) અને તેમની મુસીબતોનો ઝિક્ર કરવા લાગ્યા અને કહ્યું કે જે લોકો ઇમામ હુસૈન(અ.સ.)ના કત્લમાં શામિલ હતા, અલ્લાહ તેઓને દુન્યવી બલામાં ફસાવી દીધા.

તે અજાણ્યા શખ્સએ કહ્યુઃ હું પણ એ લોકોમાંથી છું જેઓએ ઇમામ હુસૈન(અ.સ.)ને કત્લ કર્યા છે પરંતુ અલ્લાહની કસમ આજ સુધી મારા પર કોઇ મુસીબત નથી પડી. બેશક તમે લોકો જુઠા છો. પછી અમે ખામોશ થઇ ગયા. એ દરમિયાન દિવાની રોશની ઓછી થઇ અને તે શખ્સ ઉભો થયો કે પોતે તેની રોશનીને બરાબર કરે પરંતુ આગ તેના હાથમાં, તેની દાઢીમાં લાગી ગઇ. તે ફરિયાદ કરતો આગને બુજાવવા માટે ફુરાતમાં કુદી પડ્યો. ખુદાની કસમ અમે જોયું કે તેણે પોતાનું માથુ પાણીમાં નાખ્યુ પરંતુ આગ પાણીની ઉપર હતી. તે જે જગ્યાએ પાણીમાંથી પોતાનું મોઢુ બહાર કાઢતો ત્યાં આગ પહોંચી જાતી અને ફરી તે પોતાનું માથુ પાણીમાં નાખી દેતો. તે એવું કરતો રહ્યો ત્યાં સુધી કે તે મલઉન જહન્નમ વાસિલ થઇ ગયો.

ઇબ્ને બાબવય્હએ કાસિમ ઇબ્ને અસ્બગથી રિવાયત કરી છે કે બની દારમમાંથી એક શખ્સ જે ઇમામ હુસૈન(અ.સ.)ના કત્લમાં શામિલ હતો, મારી પાસે આવ્યો. તેનો ચેહરો કાળો હતો. જો કે અગાઉ તે શખ્સ ખૂબ જ ખુબસુરત હતો. મેં તેને કહ્યુઃ હું તો તારા ચેહરાનો રંગ બદલાઇ જવાના લીધે તને ઓળખી જ ન શક્યો. તારા ચેહરાનો રંગ કેવી રીતે બદલાઇ ગયો? તેણે કહ્યુ કે મેં ઇમામ હુસૈન(અ.સ.)ના અસ્હાબમાંથી એક ખુબસુરત શખ્સને કત્લ કર્યા છે કે જેની પેશાની પર સજદાઓના નિશાન છે અને હું તેનું સર લાવ્યો છું.

કાસિમ કહે છે કે મેં જોયું કે તેના ઘોડાના પગોથી એક સર લટકાવેલું છે અને ઘોડાના ચાલવાના લીધે તે ઘોડાથી ટકરાતુ હતુ. મેં મારા વાલિદને કહ્યુઃ કાશ તે આ મુબારક સરને થોડુક ઉંચુ રાખત જેથી આ મુબારક સરની સાથે આ બાબત ન બનત. મારા વાલિદે કહ્યુઃ અય મારા બેટા જે મુસીબત આ કાતિલ પર પડી છે તે તેના કરતા વધારે સખ્ત છે જે આ મુબારક સર પર ઘોડાના પગોના લીધે પડી રહી છે. મારા વાલીદે મને કહ્યું કે આ કાતિલે મને બતાવ્યું છે કે જ્યારથી મેં તેને શહીદ કર્યા છે દરેક રાતે જ્યારે હું સુવ છું, ત્યારે એક શખ્સ મારા ખ્વાબમાં આવે છે અને મારૂ ગિરેબાન પકડીને ખેંચીને મને જહન્નમમાં લઇ જાય છે અને મને તેમાં ફેંકી દે છે અને હું સવાર સુધી તેમાં રહું છું.

ઉમર ઇબ્ને ઉમૈર તમીમીનું બયાન છે કે જ્યારે ઇબ્ને ઝિયાદ મલઉન અને તેના મલઉન સાથીઓના સરોને કુફામાં લાવવામાં આવ્યા તો હું પણ એ લઇનોના સરોનો તમાશો જોવા માટે ગયો તો જોયું કે લોકો કહી રહ્યા છેઃ તે આવ્યો પછી એક સાપ આવ્યો અને તે સરોમાંથી ઇબ્ને ઝિયાદ મલઉનનું સર શોધવા લાગ્યો. જેવું તેને તે મલઉનનું સર મળી ગયું તો તે તેના નાકમાંથી અંદર ગયો અને બહાર આવ્યો. ફરીવાર નાકમાં ગયો અને બહાર આવ્યો.

ઇબ્ને શેહરે આશોબએ રિવાયત કરી છે કે અબજર ઇબ્ને કઅબ મલઉનના હાથ કે જે હાથોથી તે લઇનએ ઇમામ હુસૈન (અ.સ.)ના અમૂક કપડા ઉતાર્યા હતા, તે ગરમીની મૌસમમાં

લાકડીની જેમ સુકા થઇ જતા અને ઠંડીની મૌસમમાં એ બંને હાથોથી ખુન નીકળતું હતું.

રિવાયતમાં છે કે જાબીર ઇબ્ને યઝીદએ ઇમામ હુસૈન (અ.સ.)નો અમામો જેવો પોતાના નજીસ માથા પર બાંધ્યો તે પાગલ થઇ ગયો.

ઇબ્ને હાશિર કહે છે કે અમારો એક સાથી ઇમામ હુસૈન (અ.સ.)ની વિરૂદ્ધ જંગ માટે ગયો. જ્યારે તે પાછો ફર્યો તો પોતાની સાથે એક ઉંટ અને કેસર લાવ્યો. જ્યારે તે કેસરને પીસવામાં આવ્યું તો તેમાંથી આગ નીકળી. તેની પત્નિએ આ કેસરને પોતાના હાથમાં લગાવ્યું તો તેને કોઢ થઇ ગયો અને જ્યારે તે ઉંટને ઝબ્હ કરવામાં આવ્યું તો તેના જે હિસ્સામાં છરી ચલાવતો તેમાંથી આગ નીકળતી.

ખાલિદ કહે છે કે હું મારા પિતા અબી રજાઅ અત્તારીની પાસે બેઠો હતો. મારા પિતાએ મને કહ્યું કે એહલેબૈત (અ.મુ.સ.)ના માટે ખૈર સિવાય બીજુ કાંઇ ન કેહજે. એ દરમિયાન એક શખ્સ આવ્યો જે ઇમામ હુસૈન(અ.સ.)ની વિરૂદ્ધ કરબલામાં હાજર હતો અને તેણે ઇમામ હુસૈન(અ.સ.) માટે અયોગ્ય શબ્દો કહ્યા. પછી અલ્લાહે તેના પર બે તીર ફેંક્યા અને તેની આંખોની રોશની ચાલી ગઇ.

જે લોકોએ એહલેબૈત(અ.મુ.સ.)ની ઉપર ઝુલ્મની બુનિયાદ રાખી એ લોકોએ માત્ર દુનિયાને શ્રેષ્ઠ રેહનુમા અને તરબીયત કરનારથી વંચિત જ નથી કરી દીધા પરંતુ ઝુલ્મના સિલસિલાને વધુ લંબાવી દીધો છે. આથી એહલેબૈત (અ.મુ.સ.)થી મેહરૂમીય્યતના લીધે જે મુશ્કેલીઓ પૈદા થઇ, આપસમાં જે લડાઇઓ થઇ, જે તાકતવરે કમઝોર ઉપર ઝુલ્મ કર્યા, તે બધુ તે લોકોના કારણે હતું, જેઓએ લોકોને એહલેબૈત(અ.મુ.સ.)થી દૂર કરી દીધા. આથી ઇસ્લામી ઇતિહાસના ૧૪ સદીના સમયગાળામાં કોઇ બેગુનાહ નથી માર્યો જાતો, કોઇ મઝલુમ પર ઝુલ્મ નથી કરવામાં આવતો, કોઇ હકદારના હકને નથી છીનવવામાં આવતો સિવાય એ કે તેની બુનિયાદી જવાબદારી એ લોકો પર આવે છે, જેઓએ લોકોને બાબે મદીનતુલ ઇલ્મ - ઇલ્મના શહેરના દરવાજાથી દૂર કરી દીધા. તેમના પર ઝુલ્મો કર્યા અને તેમના મુકાબલે હલ્કા અને કમીના લોકોને જુઠા બનાવો થકી મોહતરમ બનાવી દીધા. આથી જ્યારે ઇમામ હુસૈન(અ.સ.)ના કાતિલોનું લીસ્ટ તૈયાર કરવામાં આવશે તો પેહલુ નામ તેનું આવશે જેણે મૌલાએ કાએનાતનો હક ગસ્બ કર્યો.

સય્યદ ઇબ્ને તાઉસે પોતાની કિતાબ લુહુફમાં અબ્દુલ્લાહ ઇબ્ને રિયાહથી વર્ણન કર્યુ છે કે તે કહે છે કે મારી મુલાકાત એક આંધળા શખ્સથી થઇ, જે ઇમામ હુસૈન (અ.સ.)ના કત્લમાં શામિલ હતો. તેને તેની આંખની રોશની ચાલી જવાનું કારણ પુછવામાં આવ્યું તો તેણે કહ્યુંઃ હું તે લોકોમાંથી છું જે ઇમામ હુસૈન(અ.સ.)થી જંગ કરવા ગયા હતા. હું નવ આદમીઓની સાથે હતો. મેં જંગમાં કોઇ નેઝો નથી ચલાવ્યો, ન તો તલવાર ચલાવી અને ન તો કોઇ તીર ફેંક્યુ. જ્યારે ઇમામ હુસૈન(અ.સ.)ને શહીદ કરવામાં આવ્યા અને હું ઘરે પાછો ફર્યો તો હું નમાઝે ઇશા પઢીને સુઇ રહ્યો હતો કે ખ્વાબમાં જોયુ કે એક શખ્સ મારી પાસે આવ્યા અને કહ્યું કે ચાલ તને રસુલે ખુદા(સ.અ.વ.) બોલાવે છે. મેં કહ્યુંઃ મારે તેમનાથી શું કામ? તે શખ્સે મને જવાબ ન આપ્યો અને મારો કોલર પકડીને મને રસુલે ખુદા(સ.અ.વ.) પાસે લઇ ગયો. મેં જોયું કે રસુલે ખુદા(સ.અ.વ.) રણમાં ગમગીન બેઠા છે અને બાયોને કોણીઓ સુધી ચઢાવીને મુબારક હાથમાં એક હથિયાર લીધેલુ છે. એક ફરિશ્તો ઉભો છે અને એક આગવાળી તલવાર તેના હાથમાં છે અને એ નવ શખ્સોને કે જે મારી સાથે હતા તેને કત્લ કરી રહ્યો છે. પોતાની તલવાર જે શખ્સને મારે છે, આગ તેના શરીરમાં સળગી ઉઠે છે અને તે બળી જાય છે. ફરી તે જીવતો થાય છે અને ફરી એ ફરિશ્તો તેને કત્લ કરે છે. મેં જ્યારે આ હાલતને નિહાળી તો ગોઠણભેર બેસી ગયો અને કહ્યુંઃ અસ્સલામો અલય્ક યા રસુલલ્લાહ(સ.અ.વ.). આં હઝરત(સ.અ.વ.)એ સલામનો જવાબ ન આપ્યો અને એક મિનિટ સર મુબારક જુકાવી રાખ્યું અને કહ્યુંઃ અય દુશ્મને ખુદા! તે મારી હુરમતને પામાલ કરી. મારી ઇતરતને કત્લ કરી. મારા હકનો ખ્યાલ ન રાખ્યો. મેં અરજ કરીઃ યા રસુલલ્લાહ મેં કોઇ નેઝો, તીર અને તલવાર નથી લગાવી. આં હઝરત(સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ તે સાચુ કહ્યું છે પરંતુ તુ એ લશ્કરમાં હતો અને તે શકીઓના લશ્કરના સિપાહીઓની સંખ્યામાં વધારો કર્યો હતો. મારી પાસે આવ. જ્યારે હું પાસે ગયો તો જોયું કે એક થાળ ખુનથી ભરેલો છે અને આં હઝરત(સ.અ.વ.)ની સામે રાખેલો છે. પછી આં હઝરત(સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ આ ખુન મારા હુસૈનનું છે. આ ખુનથી બે સળીઓ મારી આંખોમાં ફેરવી દીધી. જ્યારે હું

**અનુસંધાન પાના નં. ૨૯ ઉપર ...**

અનુસંધાન પાના નં. ૩૦ થી શરૂ ...

## મિઝાનઃ

અમલ અને દાનિશની સાથે ઇન્સાન જ્યારે ભયભીત અને હેરાન પરેશાન થઇને કોઇ એવા મિઝાન અથવા માપદંડને તલાશ કરે છે જેના થકી તે વહેમના તારને તોડીને યકીન અને પછી એને યકીન પર સાબિત કદમ છે અથવા નથી તેને જાણી લે અને સાબિત કદમ રહે તો ખુદાએ પોતાના બંદાઓના માટે મિઝાન સ્થાપિત કરી દીધુ છે. દાખલા તરીકે ઝોહૈરે કૈનનો કિરદાર, હુરની બેચેની અમૂક મિનિટો ઇમામે મઝલુમની નજીકમાં મળ્યા કે અબદી જીંદગીનું મજબુત યકીન મળી ગયું. ઢંઢોળીને જોયુ તો તેનું વુજુદ મિઝાન પર ખરૂ નહોતું ઉતરી રહ્યું. દુશ્મનીના ઉંડાણે પડી પડીને દોસ્તીની તરફ એટલા આગળ વધ્યા કે ઇતિહાસ તેમની હયાતને હંમેશા માટે હિદાયતનો માઇલસ્ટોન (સીમાચિહ્ન) સમજતા રેહશે. હુર કેવી રીતે બેચેન થયા, જોયુ કે પોતાનો કિરદાર મિઝાનથી હલકો થઇ રહ્યો છે, આશુરની સવારે કેવી રીતે પોતાના મૌલાના કદમોમાં માથુ રાખી દીધુ હતું. હજી થોડા દિવસનો બનાવ છેઃ

શૈખ હસન કે જે આલિમ હતો. મોહક્કીક હતો, ઝમીરવાળો હતો, હકનો તલબગાર હતો. પોતાના ઇલ્મને જ્યારે મિઝાન પર રાખીને વજન કર્યુ તો ખબર પડી કે જહન્નમની તરફ જઇ રહ્યો છે. મિસ્રના અંધકાર ભર્યા માહોલમાંથી ઉભરીને આવ્યો અને એ કે તેના શબ્દોમાં કે અગર મૌલા હુસૈન(અ.સ.) હુરને માફ કરી શકે છે તો શું મારી ખતાઓને માફ નહી કરે? જ્યારે મિઝાન પર ખરો સાબિત થયો તો કત્લનો ફતવો તેના માટે મધથી વધારે મીઠો હતો. કત્લ કરી દેવામાં આવ્યો, લાશને સડકો ઉપર ઘસેડવામાં આવી, માથુ સળગતી આગમાં નાખી દેવામાં આવ્યું. શું ફરક પડ્યો અલ્લાહ તબારક વ તઆલાએ સરપરસ્તી કરી અને પોતાના બંદાને અંધકારમાંથી નૂર તરફ લઇ આવ્યો. મિઝાન પર દરેકને પોતાના કિરદાર અને હુસ્ને ખુલ્કને પરખવાનો મૌકો આ ટૂંકી જીંદગીમાં નસીબ થશે.

અઝાદારીના દિવસો છે. મીમ્બરો પરથી એહલેબૈત (અ.મુ.સ.)નો દર્સ શરૂ છે. અગર દુશ્મનોની ચાલીસ હજાર દર્સગાહો ખુલી છે તો આપણા લાખો મીમ્બરોથી દરેક ગામ, દરેક વસ્તી, દરેક શહેરમાં, હુસૈનીય્યત, ઇમામત, રિસાલત, કયામતનો દર્સ થઇ રહ્યો છે. આપણા કાળા કપડા તેની પેહચાન છે. રડવું એ આપણી તવજ્જોહનું સમર્થન છે. ફર્શે અઝા પર ઇમામે વક્તની નઝર આપણી ફઝીલત છે અને રૂમાલે ઝહરા આપણા આંસુઓના માટે જાણે મિઝાન પર પોતાના કિરદાર અને પોતાના કુટુંબના કિરદારને પારખવાની સનદ છે. જે ઝુહુરના સમયે અને રોઝે મેહશર અને મેહશરના ફેંસલો કરનાર (ખુદા)ની સામે પેશ કરવા માટે કંઇક તો છે જે નજાતનો ઝરીઓ બનશે. આ આગ વરસાવતા ઝમાનામાં જનાબે ઝેહરા(સ.અ.)ના ચાહવાવાળાઓનો ગિર્યા આપના લાલ હુસૈનની શહાદત પર એવી રીતે છે જેમ પ્રસ્તાવનામાં પોતાની ક્ષમતા પ્રમાણે મુશાહેદાની અસર હેઠળ આ કહ્યું હતુંઃ ક્યાં આગ વરસાવતી ગરમી અને ક્યાં નરમ અને નાજુક પાંખડીઓવાળા ફુલ અને તે કેવી રીતે બાળી નાખનારી ગરમીમાં પોતાની તાજગી અને ખુશનુમાઇની તરફ આશ્ચર્યજનક નજરોને ઉઠીને જોવાની દાવત આપી રહ્યા છે. હવે વાંધો ઉપાડનાર તીખા અને વાંકા અંદાજમાં ઇમામ હુસૈન(અ.સ.)ના શયદાઇઓની તરફ ગણતરી પૂર્વક હદ ઓળંગવાની આંગળી આમ કહીને ન ઉઠાવે કે મેહશરના હંગામમાં જ્યાં ઇન્સાન તેના પરસેવામાં ડુબેલો હશે, સૂર્ય સવા નેઝા પર હશે, દિમાગ પાકી રહ્યા હશે. એ ભયંકર માહોલમાં ઇમામ(અ.સ.)ની ચાહતથી જોડાયેલા સમજદાર લોકો ઠંડા છાયામાં હશે, તૃપ્ત હશે, હોઠો પર શુક્રે ખુદા હશે, દુન્યવી જીંદગીમાં રડતી આંખોમાંથી જે આંસુ ટપક્યા હતા તે પાણીદાર મોતી થઇને ચારે તરફ વિખેરાયેલા હશે અને મેહશરની રેહમતોના પૈગામ અને સલામ હશે, કપાળો પરથી મવદ્દતના નૂરની કિરણો નીકળીને સાથે ઉભા રેહનારાઓનું ધ્યાન ખેંચશે. અગર આજની દુનિયા પોતાના ભૌતિક વિકાસ અને પ્રગતિને મુકદ્દર સમજીને ખુદાની કુદરત કે જેનો ગલબો બંને પશ્ચિમમાં અને બંને પૂર્વો પર છે તેના મુન્કીર થઇને ભલે ઝુલ્મો સિતમ કરે તો તે યાદ રાખે કે અલ્લાહ કે જે ખાલિકે કાએનાત છે, તેણે આ દુનિયા એ લોકો માટે નથી બનાવી પરંતુ એ બિચારાઓ અને બેકસોના માટે બનાવી છે જે તેની દુનિયામાં કમઝોર કરી દેવામાં આવ્યા છે. ઇમામ હુસૈન(અ.સ.)ની પાસે કેવું લશ્કર હતું? ઇમામ મુસા કાઝિમ(અ.સ.)એ પોતાની જીંદગીનો મોટા ભાગનો હિસ્સો કેદખાનામાં વિતાવ્યો. ઇમામ રેઝા(અ.સ.)ની સામે હારૂન

અને મામુનની મક્રો સિયાસત અને પુષ્કળ ફોજ અને મોટી તાકાતની સામે બચાવ માટે ક્યું હથિયાર, તીર, તલવાર, ઢાલ, નેઝા, સિપાહી અને લડાયક ફૌજ હતી? પરંતુ જરા નજર ઉઠાવીને જુઓ સદીઓ પસાર થઇ ગઇ. ઇમામ(અ.સ.)ના આશિકોના કાફલાના ટોળેટોળા ચાલ્યા આવે છે. અરફાના દિવસે કરબલામાં એક ખિલકત ઉભરાઇ પડી હતી. યા હુસૈન – યા હુસૈનની દિલનશીન અવાજ ગુંબદે હરમના તરફ આગળ વધી રહી હતી. શું થયું, કેવી રીતે થયું, કોણે કર્યુ. આ મઝલુમોની આરામગાહો તરફ ક્યાં લોકો છે જે ઇમામ હુસૈન(અ.સ.)ના હરમથી અબ્બાસે જરી(અ.સ.)ના હરમ તરફ દોડી રહ્યા છે કે મૌલા તમારા હરમમાં આવવાની ઇજાઝત આપી દયો. તે દરબારે કરીમ ઇબ્ને કરીમ છે, બધાની દુઆ કબુલ થાય છે, બધાની હાજતો પુરી થાય છે અને ઝાએરો દુનિયાની હાજતો લઇને થોડા જાય છે. તેઓ તો એટલા માટે જાય છે કે તેઓને એ તૌફીક મળે કે તેઓ દુનિયાના સખ્ત ઇમ્તેહાનથી મુસ્કુરાતા, મવદ્દતના ફુલોની ખુશ્બુ લઇને આ દુનિયામાં જ્યાં સુધી જીવતા રહે સાથે સાથે ચાલે અને અંત પણ આ રસ્તા પર ચાલતા ખૈરની સાથે થાય અને એ હોંસલો મળે જે નાજુક જીવ ફુલોની પાંખડીઓથી સૂરજની બાળી નાખતી કિરણોના હોંસલાને પસ્ત કરી દે.

સાચુ છે કે આ હોંસલા માટે ઝમીર જોવે, ઇલ્મ હોવું જોઇએ, ઇમામતની મારેફતની તલાશ જોઇએ, નૂર હાંસિલ કરવા માટે સખ્ત દિલી નહી, દિલનું નાજુક હોવું જરૂરી છે. સારી વાત કબુલ કરવા માટે કલ્બે સલીમ આગળ વધે એ સમયે આ વાત સમજમાં આવી જશે.

*ફુલકી પત્તીસે કટ સકતા હૈ હિરેકા જીગર*
*મર્દે નાદાં પર કલામે નર્મ વ નાજુક બે અસર*

---ooo---

**અનુસંધાન પાના નં. ૨૭ થી શરૂ ...**

જાગ્યો તો આંધળો થઇ ગયો હતો.

આથી એ લોકો કે જેઓ કરબલામાં હાજર હતા અને જેઓએ તીર અને તલવારથી ઇમામ હુસૈન(અ.સ.)ની સાથે જંગ નથી કરી પરંતુ ત્યા રહીને દુશ્મનની સંખ્યામાં વધારો કર્યો છે, તે પણ અલ્લાહના અઝાબના હકદાર થયા અને બિલકુલ એજ રીતે એ લોકો જે આજના ઝમાનામાં છે અને ઇમામ હુસૈન (અ.સ.)ના કત્લ પર રાજી છે, એ બધાથી વારિસે હુસૈન, હઝરત ઇમામ મહદી(અ.સ.) પોતાના ઝુહુર પછી બદલો લેશે. આ જ એ કારણ છે કે આપણે લોકો ઇમામ હુસૈન (અ.સ.)ના કાતિલો પર લાઅનત મોકલીને એ સાબિત કરીએ છીએ કે અમે ઇમામ હુસૈન(અ.સ.)ના કાતિલોથી રાજી નથી અને રસુલે ખુદા(સ.અ.વ.)ના જીગરના ટૂકડા જનાબે ઝહરા (સ.અ.)નો હક છીનવાવાળાઓ, તેમના પર ઝુલ્મ કરવાવાળાઓ, તેમના પર સળગતો દરવાજો પછાડવાવાળાઓ પર લાનત મોકલીને તેઓથી દૂરીને વ્યકત કરીએ છીએ અને ખુદાની બારગાહમાં એહલેબૈત(અ.મુ.સ.)નો વસીલો આપીને દુઆ કરીએ છીએ કે પરવરદિગાર પોતાની આખરી હુજ્જતના ઝુહુરમાં જલ્દી ફરમાવ અને અમને તેમના મોહીબ્બોમાં શામિલ ફરમાવ અને અમારો શુમાર તેમના અન્સારો અને મદદગારોમાં કરજે અને અમારા દિલોને એહલેબૈત (અ.મુ.સ.)ના દુશ્મનોથી મરતા દમ સુધી બેઝાર રાખજે. આમીન.

**અનુસંધાન પાના નં. ૨૪ થી શરૂ ...**

*દરિયાઓમાં માછલીઓ ગિર્યા કરશે*

આ પાંચ બનાવોને પુરતા સમજીએ છીએ નહિતર ઇમામ હુસૈન(અ.સ.)ની શહાદત બાદની અસરો અને મોઅજીઝાઓ વર્ણન કરવા માટે કિતાબો જરૂરી છે.

ખુદાવંદે આલમની બારગાહમાં દુઆ માટે હાથ ઉઠાવીએ કે અલ્લાહ આપણી આ નાની એવી કોશિશને કબૂલ કરે અને આપણને ઇમામ હુસૈન(અ.સ.)ના અઝાદારોમાં શુમાર કરે અને વારિસે હુસૈન(અ.સ.) ઇમામે ઝમાના(અ.સ.)ના પૂરનૂર ઝુહુરમાં જલ્દી કરે.

આમીન સુમ્મ આમીન.

**અનુસંધાન પાના નં. ૨૧ થી શરૂ ...**

અને સિફતોને આપણે આપણા પોતા માટે નમુનએ અમલ ગણીએ.

આપણા સૌના કરોડો સલામ થાય એમની પવિત્ર ઝાત પર એ આશાની સાથે કે ખુદાવંદે આલમ જયારે પોતાના આખરી વલી હુજ્જત ઇબ્નીલ હસન અસ્કરી(અ.સ.)ને જાહેર કરશે તો તેમની સાથે રહીને ઇમામ હુસૈન(અ.સ.)ના કાતિલોથી ઇન્તેકામ લેવા વાળાઓમાં આપણો પણ શુમાર થાય. આમીન.

**અનુસંધાન પાના નં. ૧ થી શરૂ ...**

આપે છે કે જુઓ તમારા માટે ઈજ્તેમાએ ઝિદ્દેન અશક્ય છે. ખાલિકે કાએનાત માટે કોઇ ચીજ અશક્ય નથી. વિચારવા લાયક વાત છે કે કુર્આને મજીદમાં ઈર્શાદે બારી તઆલા છે ''જે અલ્લાહના કબ્ઝામાં તમામ દુનિયાની બાદશાહત છે તે ખુબ જ બરકતવાળો છે અને તે દરેક ચીજ પર કાદિર છે જેણે મૌત અને જીંદગીને પૈદા કરી જેથી તમને અજમાવે કે તમારામાંથી સૌથી બેહતરીન અમલ કરવાવાળો કોણ છે અને તે ગાલિબ અને ખુબ જ માફ કરવાવાળો છે'' આ આયતે કરીમામાં આઝમાઇશની સાથો સાથ અલ્લાહ જલ્લ જલાલોહુની કુદરત, બાદશાહત અને વર્ચસ્વનો ઝિક્ર છે. અહી ઇલ્મના સંશોધનનો તકાઝો છે આ દિવસ રાતની ઝિંદગીમાં તેની કુદરત, બાદશાહત અને ગલબાને જાણીએ, સમજીએ અને આઝમાઇશ માટે તૈયાર રહીએ તો પછી ઉપરોક્ત ઇલાહી સિફાતોના મઝહરને કઇ રીતે નિહાળી શકાય, તેનો મઝહર છે, તો તેની જલ્વહગાહોની તરફ ઇન્સાનની નેક ફિતરત મુતવજ્જેહ રહે.

જે લોકો હકની તપાસમાં પોતાની ફિક્રને હાંકતા રહે છે તેમના માટે કુર્આને કરીમ તેના રસ્તાને સ્પષ્ટ કરી દે છે. આથી સખ્ત શબ્દોમાં કહે છેઃ કુર્આન પર ચિંતન મનન શા માટે નથી કરતા. શું તેઓના દિલો પર તાળા પડેલા છે. જ્યારે આ આયત થકી ફિક્રને ચલાવે છે અને સક્રિય બનાવે છે તો આગળ વધીને તેની ફિક્રને રોશની આપે છે. આમ કહીનેઃ લકદ.......... અમે રસુલોને સ્પષ્ટ નિશાનીઓ સાથે મોકલ્યા અને સાથો સાથ કિતાબ અને મિઝાન તેઓની સાથે નાઝિલ કર્યા.

## સ્પષ્ટ નિશાનીઓઃ

અંબિયા અને મુર્સલીનના સિલસિલા બાદ ખાતેમુલ અંબિયાની પવિત્ર જીંદગી અને પછી અબુલ અઇમ્માથી લઇને ખાતેમુલ અઇમ્મા સુધીની જીંદગીની દરેક પળ અગર નજર સમક્ષ રાખવામાં આવે અને પવિત્ર સીરતને સામે રાખીએ તો જ્યાં તાકાતવરો અને ઝાલિમ હાકિમો અને અણગમતા રાજકારણીઓના ઝુલ્મો સિતમ અને મક્રો ફરેબ હમલો છે. ત્યાં હકના હાદીઓની હિદાયતો અને જીંદગીની રીતભાત અને સમાજ સુધારણાના માટે આગળ વધવા પર વિચાર કરીએ તો એવુ લાગે છે કે ઝાલિમના તમામ દાવ પેચ મઝલુમની અવાજની સામે બેકાર થઇ જાય છે. સાચુ છે આ કુદરતનો કરિશ્મો છે કે ''ફુલની પાંખડીથી હીરાનું જીગર કપાઇ શકે છે'' છ મહીનાના અલી અસ્ગર(અ.સ.)ના હોઠો પર એક મુસ્કુરાહટ એ હતી જેણે કેટલાય પત્થર દિલોના જીગર તોડી નાખ્યા.

## કિતાબઃ

કિતાબ એટલે કુર્આને કેવા કેવા અંદાજમાં ઇશારા કર્યા છે કે ખુદાની કુદરતને ઓળખો. હક તઆલાની મઅરેફત તરફ આગળ વધો. ઇલાહી કિતાબમાં જે માર્ગદર્શન છે તેના થકી ચારિત્ર્ય ઘડતર જીંદગીની તરફ કોશિશ કરતા થઇ જાવ. આ આયતે કરીમા તમારા વુજુદને સુર્યમાળાની બુલંદીથી પણ વધારે ઉંચે લઇ જશે.

***વ ઈન્દહુ મફાતેહુલ્ ગય્બે લા યઅ્લમોહા ઇલ્લા હોવ. વ યઅ્લમો મા ફીલ્ બર્રે વલ્ બહ્રે. વ મા તસ્કોતો મિન્ વરકતીન ઇલ્લા યઅ્લમોહા વ લા હબ્બતીન ફી ઝોલોમાતીલ્ અર્ઝે વ લા રત્બીવ્ વ લા યાબેસીન ઇલ્લા ફી કેતાબીમ્ મોબીન.***

***અને તેની પાસે ગૈબની ચાવીઓ છે અને તેને તેની સિવાય બીજુ કોઇ નથી જાણતુ અને જે કાંઇ જમીન અને દરિયામાં છે તેને પણ તે જ જાણે છે અને કોઇ પાંદડુ પણ (કોઇ વૃક્ષ પરથી) પડતુ નથી સિવાય તે તેને ચોક્કસ જાણે છે અને ન કોઇ દાણો જમીનના અંધારામાં છે અને ન કોઇ ભીની ન કોઇ સુકી ચીજ છે સિવાય એ કે તે સ્પષ્ટ કિતાબ (લવ્હે મેહફુઝ)માં મૌજુદ છે (સુ. અન્આમ, આયતઃ ૫૯)***

**અનુસંધાન પાના નં. ૨૮ ઉપર ...**